Published on 10th of every month

# ગ્રામસ્વરાજ

અંક : ૭ ● વર્ષ : ૭૯ ● ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫

કિંમત ₹ ૭ ● વાર્ષિક લવાજમ : ₹ ૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026



## અનુક્રમણિકા


અંક–૭ ● વર્ષ : ૭૯

૧૦ ઓક્ટબર, ૨૦૨૫

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી



**સંપાદક મંડળ**

* ઘનશ્યામભાઇ એચ. અમીન
* ભીખાભાઈ જ. પટેલ



* વાર્ષિક લવાજમ : રૂા. ૮૦
* છૂટક નકલ : રૂા. ૭



પત્રવ્યવહારનું અને લવાજમ
મોકલવાનું સરનામું :

**ગુજરાત રાજ્ય સહકારી સંઘ**

સહયોગ, જ્યોતિસંઘની પાછળ, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

* ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ
* ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
* website : www.gujaratscu.com
* E-mail : sahakarguj1850@gmail.com



૨જી ઓક્ટોબર "વિશ્વ અહિંસા દિન"
મહામાનવ, વિશ્વ માનવ – મહાત્મા ગાંધીજી
– શ્રી નવીન વી. વાછાણી ૩

નવી સહકારી નીતિ સહકારી ક્ષેત્રે મોટા પરિવર્તનની તૈયારી છે
– શ્રી કાનજી ભાલાળા ૭

દિપોત્સવી – અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતું મહાપર્વ
– શ્રી વિનોદ એમ. મકવાણા ૧૦

Artificial Intelligence (AI) દ્વારા કૃષિ ક્ષેત્રે ક્રાંતિ
– શ્રી રોનક પટેલ ૧૨

માઈક્રો એટીએમથી દૂધ ભરનારાઓને પેમેન્ટ કરવાથી પારદર્શકતામાં થતો વધારો ૧૭

ડિજિટલ ટેક્નૉલૉજીનો પરિચય
– શ્રી રવિકિરણ આર. મુંધવા ૨૨

યોગાસન અભ્યાસમાં રાખવાની સાવચેતી અને કાળજી
– શ્રી કિરણ ચાંપાનેરી ૨૭

સહકારી ખેતી
– શ્રી સ્નેહા ટી. જૈન ૩૧

જીવન સૌરભ
– શ્રી રમેશ પટેલ ૩૪

હે માતા શારદા
– શ્રી મનસુખભાઈ એચ. મકવાણા ૩૪


## ગ્રામસ્વરાજ


* દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
* નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
* છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઇ શકે છે. ● લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
* ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે 'ગ્રામસ્વરાજ' મોકલવામાં આવે છે.
* 'ગ્રામસ્વરાજ' માસિક તથા 'સહકાર' પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
* રાજ્ય સહકારી સંઘના સભાસદોને "ગ્રામસ્વરાજ" તથા 'સહકાર' વિના લવાજમે મોકલવામાં આવે છે.

**જન્મ વિશેષ**

# ૨જી ઓક્ટોબર "વિશ્વ અહિંસા દિન"
# મહામાનવ, વિશ્વ માનવ - મહાત્મા ગાંધીજી

ભારત એક પુણ્ય ભૂમિ છે. આ ભૂમિ પર રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્રી અરવિંદ, રમણ મહર્ષિ, રવીન્દ્રનાથ ટાગોર, રાજા રામમોહન રાય, ગોપાલકૃષ્ણ ગોખલે, સરદાર પટેલ અને મહાત્મા ગાંધીજી જેવા અગણિત મહાપુરુષોએ જન્મ લીધો છે, જેમણે પોતાની બુદ્ધિમત્તાના કારણે સમગ્ર વિશ્વને અનેક અવનવા વિચારોની ભેટ આપી છે, જેમના કારણે સમાજ અર્થે વિશ્વમાં બદલાવ થતો રહ્યો છે. એમાંય પૂજ્ય મહાત્મા ગાંધીજીના સત્ય, અહિંસા પ્રેમ, માનવતા, ક્ષમા, સર્વોદય, સર્વ ધર્મ સમભાવ એ આજના વર્તમાન સમયમાં બધા માટે ખૂબ જરૂરના બની ગયા છે. ઈશ્વર એટલે સત્ય અને સત્ય એ જ ઈશ્વર એ ધ્યેયની પ્રાપ્તિ કાજે જેમણે પોતાનું આખુંયે જીવન સમર્પિત કરી દીધું હતું, એવા આપણા સંત સમા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને આપણે કેમ ભૂલી શકીએ? સાબરમતીના આ સંતે વિશ્વમાં એના જીવનના શાશ્વંત વિચારોને, મૂલ્યોને કાયમ ગૂંજતા કરી દીધાં છે, જીવંત બનાવી દીધાં છે.

**નવીન વી. વાછાણી**
૩૦૧-સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ,
આસ્થા રેસિ. પાછળ, મવડી, રાજકોટ-૪,
મો. ૯૯૭૯૪૬૯૯૧૭

આપણા દેશમાં દર વર્ષે ૨, ઓક્ટોબરના રોજ ગાંધીજીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવે છે, જેમાં અનેક દેશના પ્રતિનિધિઓ આ ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લે છે, અને વિશ્વમાં સત્ય, અહિંસા, પ્રેમ, ભાઈચારો, માનવતા, ક્ષમા, સર્વ ધર્મ સમભાવ, સર્વોદય જેવા શાશ્વત માનવીય મૂલ્યોનો પ્રચાર પ્રસાર કરાય છે. આજે ગુનાખોરી, આંતકવાદ, શોષણ, ભ્રષ્ટાચાર અને ભયાનક હિંસાનું સામ્રાજ્ય ચોતરફ ફેલાયેલું છે. ત્યારે ગાંધી - ચીંધ્યા સત્ય, પ્રેમ અને અહિંસાના માર્ગનું મહત્વ સમજાય છે. સત્ય અને અહિંસાના પૂજારી-બાપુએ સાચા અર્થમાં આ ગુણો જીવનમાં આત્મસાત કર્યા હતા તેના માટે તેઓ જીવનની છેલ્લી ઘડી સુધી લડતા રહ્યા. તેથી ગાંધીજી આજે 'વિશ્વ માનવ તરીકે સ્વીકારાયા છે. યુનો તેમના જન્મદિનને આંતરરાષ્ટ્રિય'અહિંસા દિન' તરીકે ઉજવે છે તે તેની સાબિતી છે. તે આપણા દેશને ગૌરવ બક્ષે છે. ત્યારે આપણે ગાંધીજીને

ઓળખવા કરતા અપનાવવાની વધુ જરૂર છે. જો આપણે ગાંધીજીના આદર્શોને અપનાવીએ, તેનો જીવનમાં અમલ કરીએ તો સમગ્ર વિશ્વને શાંતિમય જીવન પ્રાપ્ત થઇ શકે તેમ છે.

મહાત્મા ગાંધીજી માટે અનેક ચિંતકો અને સાહિત્યકારોએ પોતાની ભાવ ઉર્મિઓ રજૂ કરી છે. વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇનસ્ટાઈન સહજ કહી ઊઠે છે, "આવનાર પેઢીઓ ભાગ્યે જ એ માની શકશે કે આવો કોઈ માણસ માંસ અને રક્તનો બનેલો પૃથ્વી પર આવ્યો હશે." રજનીશજી કહે છે.: "ગાંધી જૈસે યુગપુરુષ કો પાને કે લિયે ધરતી કો યોગો તક પ્રતીક્ષા કરની હોગી." ચીનના તાઈચીનાએ કહ્યું છે કે, ગાંધીજીનું વ્યક્તિત્વ માનવ જાતના માર્ગને પ્રકાશિત કરનાર ઝળહળતી મશાલ છે." ક્લીમેંટ એટલી કહે છે, "મહાત્મા ગાંધી વિશ્વની મહાન વ્યક્તિ હતા. તેઓ ઘોર તપસ્યાનું જીવન વ્યતીત કરતા હતા. તેના કરોડો દેશવાસીઓ તેમને દૈવી પ્રેરણા પ્રાપ્ત સંત માનતા હતા."

ગાંધીજીએ આપણા દેશને સત્ય, અહિંસા અને પ્રેમના શસ્ત્રો થકી આઝાદી અપાવી, પરંતુ આટલું પૂરતું નથી. આર્નોલ્ડ ટોપમ્બી ત્યાં સુધી કહે છે, "ગાંધીજીએ માત્ર હિંદુસ્તાનને જ આઝાદ નથી કર્યો તેમણે તો ઈંગ્લેન્ડને પણ સામ્રજયવાદની વિચારસરણીમાંથી મુક્ત કર્યો છે." દક્ષિણ આફ્રિકાથી વર્ષ ૧૯૧૫માં કાયમ માટે સ્વદેશ પાછા ફર્યા પછી ગાંધીજીએ આખા દેશનું પરિભ્રમણ કર્યુ, તેમને ચારેકોર ગરીબી, નિરક્ષરતા, અજ્ઞાન, અંધશ્રદ્ધા, અછૂતપણાના દર્શન થયા. તેમણે અનુભવ્યું કે "દેશમાં આઝાદીની ચળવળ ચલાવ્યાં પહેલા દેશની સામાજિક, આર્થિક, ધાર્મિક, અને માનસિક પંગુતા જેવી બદીઓ પ્રથમ દૂર કરવી પડશે." તેઓ જીવનભર આજ કાર્યમાં રચ્યાં પચ્યાં રહ્યા તેથી તેમના વિશે એક કવિએ લખ્યું : " આ હિંદ તણી ફૂલવાડી એને એક મળ્યો તો માળી અંદરની જડ-ઝાંખર વાળી કીધી ભૂ હરિયાળી."

દેશને બેઠો કરવા તેઓએ ૧૮ રચનાત્મક કાર્યક્રમો અને એકાદશ વ્રતો આપ્યા. તેનું પાલન મન-વચન અને કર્મથી થાય એ માટે તેઓએ પોતાના જીવનથી જ શરૂઆત કરી, એટલે તેમના વિશે કોઇ ચિંતકે કહ્યું કે, દુનિયાના તમામ મહાપુરુષો અને ધર્મપુરુષોને સમજવા સહેલા છે પરંતુ ગાંધીને સમજવા અઘરાં છે. કારણકે તેમણે જે કાંઇ કહ્યું, લખ્યું તે તેમણે જગતને આચરી બતાવીને કહ્યું છે. માટે જ લૂઇ ફિશર કહે છે. : "હું લેનીન, ચર્ચીલ, રઝવેલ્ટ, સ્ટાલિન, એટલી, આઈનસ્ટાઈનને મળ્યો છું... પણ ગાંધી કરતા વધારે ચમત્કારી

માણસને હું મારી જિંદગીમાં મળ્યો નથી.''

ગાંધીજીના જીવન ઉપર સત્યની પ્રેરણા આપતા રાજા હરિશચંદ્રનું નાટક, જીવનવ્રત મૂલ્યો દર્શાવતું નરસિંહ મહેતાનું ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ', અને સર્વોદયની પ્રેરણા આપતું જહોન રસ્કિનનું પુસ્તક 'અન ટુ ધીસ લાસ્ટે'એ, તેમના ઉપર ખૂબ જ પ્રભાવક અસર કરી છે. જેના કારણે ગાંધીજીના જીવનમાં સત્ય, અહિંસા, પ્રેમ, ચોરી ન કરવી, આત્મશુદ્ધિ, સર્વોદય, ક્ષમા, અભય જેવા માનવીય મૂલ્યો કેન્દ્રસ્થાને રહ્યા. સત્ય અને અહિંસા માટે ગાંધીજી કહેતા કે, ''મન-કર્મ અને વચનથી કોઇ પણ પ્રત્યે બૂરાઇનો ભાવ ન રાખવો.'' કરૂણાથી છલકાતા હૃદયે તેઓ સૌને સમજાવતા કે મરવું ભલું, પણ મારવું નહિ. ''અભય વિશે તેઓ માનતા કે, ''રાગ, મૃત્યુ, સંપતિનાશ, અપમાન વગેરેના ડરથી મુક્ત થવું એ સાચું અભયપણું છે.

દેશમાં જ્યારે સ્વરાજની લડત ચાલતી હતી ત્યારે, ગાંધીજીએ આપણને બે સરળ સાચી વાત કરી હતી. ''સાચું ભારત ગામડામાં વસે છે'' અને બીજી વાત, ''જ્યારે તમે કોઇ પણ નિર્ણય લો ત્યારે તમે છેલ્લામાં છેલ્લા માણસને નજર સામે રાખીને નિર્ણય લેજો.'' તેઓએ 'અન ટુ ધીસ લાસ્ટ' પુસ્તક વાંચી 'અંત્યોદય' શબ્દ પસંદ કર્યો હતો. તેઓ છેવાડાના માણસનો ઉદય ઝંખતા હતા. ગાંધીજીની કલ્પના ગામડાઓને સમૃદ્ધ બનાવવાની હતી.

સ્ત્રીઓના ઉદ્ધાર માટે ગાંધીજી જેટલું ઉત્તમ કાર્ય અન્ય કોઇ કરી શક્યું નથી, એવું કહેવામાં અતિશયોક્તિ નથી. ''પુરુષોના વિષયભોગનું સાધન બનવાનું છોડી દો, પડદા પ્રથાને ફગાવી દઇને તમારા આંતરિક બળને નીખરવા દો, શિક્ષિત બનો.'' વગેરે ઉદ્‌બોધનો દ્વારા ગાંધીજી સ્ત્રીઓને સમજાવતા કે ''પોતાની જાતને અબળા સમજવાનું છોડી દઇને આત્મનિર્ભર બનતા શીખવું જોઇએ.'' તેઓ સ્ત્રીને અહિંસાની સાક્ષાત પ્રતિભા માનતા, ગાંધીજીની વિશ્વાસથી નીતરતી વાણીના પ્રભાવે અસંખ્ય સ્ત્રીઓએ સ્વાતંત્ર્યની લડતમાં પોતાનું યોગદાન આપ્યું હતું, તેમજ જીવનનાં દરેક ક્ષેત્રે પુરુષ સમાન હકો અને તકો મેળવવાની યોગ્યતા કેળવી છે, લાયકાત શોભાવી છે.

મહાત્મા ગાંધીને ઇશ્વર અને તેની પ્રાર્થના પ્રત્યે અતૂટ શ્રદ્ધા હતી. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ પ્રાર્થનામય હતી. 'પ્રાર્થના' એટલે શું ? તે તેમના શબ્દોમાં જોઇએ : ''હૃદયના અંતસ્થલમાંથી ઉદ્‌ભવતી ઇશ્વર પ્રત્યેની આરજૂ એટલે પ્રાર્થના.'' તેઓ હંમેશા પ્રાર્થના કરતાં કે,

"ઈશ્વર સૌને સદ્‌બુધ્ધિ આપે." તેઓ સર્વના કલ્યાણની પ્રાર્થના કરતા. તેઓ કહેતા કે, "જેમ શરીર માટે અન્ન અનિવાર્ય છે, તેમ આત્મા માટે પ્રાર્થના જરૂરી છે." તેમણે બધા જ ધર્મ પ્રત્યે સમભાવ દાખવ્યો હતો, જગતના તમામ માનવીઓ પાસે 'વૈષ્ણવજન'ની અપેક્ષા રાખતા. ગાંધીજી પ્રકૃતિમાં હંમેશા ઈશ્વરના દર્શન કરતા અને જીવનપર્યંત પ્રકૃતિની નજીક રહેવા પ્રયત્ન કર્યો હતો. તેઓ પોતાના આરોગ્ય માટે પ્રાકૃતિક આહાર લેવામાં માનતા હતા. ગાંધીજી જીવનભર સત્ય, અહિંસા, પ્રેમ, માનવતા, ક્ષમા, આત્મશુધ્ધિ, સર્વોદય અને સર્વધર્મ સમભાવના આચરણ સાથે જીવતા રહ્યા, તે માટે લડતા રહ્યા. તેમજ તેઓ ગરીબી, ભ્રષ્ટ્રાચાર, અજ્ઞાન, અંધશ્રદ્ધા અછૂતતા તથા અસ્વચ્છતા દૂર કરવા માટે પણ લડત કરતા રહ્યા. તેમનું જીવન માનવસમાજ માટે એક મહાન યજ્ઞરૂપ હતું.

ગાંધીજી આજે ભૂલાતા જાય છે. તેમ તેમ તેમની પ્રસ્તુતતા જરૂરિયાત વધતી જાય છે. આજના વૈશ્વિક પ્રાણપ્રશ્નો વિશ્વશાંતિ, પર્યાવરણ, પ્રદૂષણ, ગરીબી, બેકારી, સર્વોદય, સર્વધર્મ સમભાવ આ બધાનો રામબાણ ઈલાજ મહાત્મા ગાંધી અને તેમણે આચરેલા વિચારો છે. એટલે તો ગાંધીજીના જીવન અને સાહિત્ય વિશે દોઢ કરોડથી વધુ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે, 'સત્યના પ્રયોગો'નું ૫૦ લાખથી વધુ નકલોનું વેચાણ થયું છે. તેમની આત્મકથા ભારતની તમામ ભાષામાં અનુવાદિત થઈ છે. વિશ્વના ૧૫૦ દેશોએ ગાંધીજીની ટપાલ ટિકિટો પ્રસિદ્ધ કરી છે.

સત્ય, અહિંસા, માનવ પ્રેમ અને નિર્ભયતાની સાક્ષાત મૂર્તિ સમાન ગાંધીબાપુના સંપર્કમાં જે કોઈ આવતું - કોઈ પણ પ્રકારે તેને તેમની સત્યનિષ્ઠાનો ચેપ લાગ્યા વિના ન રહેતો, તેનો કાયાકલ્પ થઈ જતો ! અંગ્રેજ જેલરો પણ કહેતા કે, "બાપુ તમે અમારા કેદી નથી, અમે તમારા કેદી છીએ." આવું અસાધારણ - મૂઠી - ઊંચેરું વ્યક્તિત્વ ધરાવનાર આપણા રાષ્ટ્રપિતાને તેમના પવિત્ર જન્મદિને માત્ર યાદ કરીએ તે પૂરતું નથી. દેશના જવાબદાર નાગરિક તરીકે, દેશબાંધવો પ્રત્યેનું આપણું ઋણ અદા કરવા તેમણે બતાવેલા આચરેલા પથ પર ચાલીએ એજ વધુ મહત્વનું છે. સત્ય-અહિંસા વ્રતના અખંડ સાધક એવા આપણા સ્મરણિય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને કોટિ કોટિ વંદન.

"આચાર વિનાના વિચાર ગમે તેટલા સાચા કેમ ન હોય, છતાં એ ખોટા મોતી જેવા છે.

— ગાંધીજી

"ઈશ્વરનું નામ લેનાર નહિ, ઈશ્વરનું કામ કરનારા લોકો આસ્તિક છે." — ગાંધીજી

સહકાર નીતિ

### સહકારી ક્ષેત્રમાં આ દેશની આર્થિક વ્યવસ્થામાં મોટું યોગદાન આપવાની તાકાત પણ છે

# નવી સહકારી નીતિ સહકારી ક્ષેત્રે મોટા પરિવર્તનની તૈયારી છે

સહકારી સંસ્થાઓ સહકારની ભાવનાથી ચાલે તે મુદ્દાને કેન્દ્રમાં રાખવામાં આવશે તો નવી સહકારી નીતિ મોટું પરિવર્તન ચોક્કસ લાવશે.

ભારત બદલાઈ રહ્યું છે. ભારતમાં હવે ડિજિટલ ઈન્ડિયા બની રહ્યું છે. ભારતની અર્થ વ્યવસ્થા મોટી અને મજબૂત બની રહી છે. ત્યારે ભારતની અર્થ વ્યવસ્થામાં સહકારી ક્ષેત્રની ભૂમિકા પણ ખૂબ મહત્વની છે એટલે જ કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રીએ તારીખ ૨૪-૦૭-૨૦૨૫ના રોજ નવી રાષ્ટ્રીય સહકાર નીતિ વર્ષ ૨૦૨૫ને વિધિવત બહાર પાડી છે. દેશમાં કુલ ૮.૫૦ લાખથી વધુ સહકારી સંસ્થાઓ સાથે સીધા ૪૦ કરોડ જેટલાં લોકો જોડાયેલા છે. આ સહકારી નીતિમાં આગામી બે દાયકામાં સહકારી સંસ્થાના વિકાસ માટે રોડ મેપ આપવામાં આવ્યો છે. સહકારી ક્ષેત્રનો વ્યાપ વધારવા ઉપરાંત પારદર્શિતા, ડિજિટલાઈઝેશન કરવા અને સક્ષમ બનાવવા સહિતના મુદ્દાઓને વણી લેવામાં આવ્યા છે. નવી સહકારી નીતિ સહકારી ક્ષેત્રે મોટા પરિવર્તનની તૈયારી હોય તેમ લાગે છે.

કાનજી ભાલાળા

સમયની સાથે ચાલવા માટે સહકારી સંસ્થામાં પરિવર્તનની જરૂર હતી. ટૅક્નોલૉજીનો ઉપયોગ અને વ્યાવસાયિક અભિગમ સાથે આર્થિક મજબૂત બનવું દરેક સહકારી સંસ્થા માટે હવે જરૂરી બન્યું છે. જૂના ખ્યાલ પ્રમાણે, જૂની રૂઢિ અને જૂની વ્યવસ્થા પ્રમાણે સહકારી સંસ્થા જીવી શકે પણ વિકસી ન શકે, ત્યારે સહકારી સંસ્થાઓનો વ્યાપ વધારવા અને નવા ક્ષેત્રોમાં સહકારી ક્ષેત્ર આગળ વધે અને વર્તમાન સહકારી સંસ્થાઓ વધુ કાર્યક્ષમ રીતે કામ કરે તેની તૈયારી છે.

ભારતે આર્થિક મહાસત્તા બનવું હશે તો ગામડાઓનો વિકાસ કરવો પડે તેમ છે. કારણ ભારત ગામડાઓનો બનેલો દેશ છે. ગામડાનો છેવાડાનો માણસ જ્યાં સુધી સમૃદ્ધ નહીં થાય ત્યાં સુધી ભારત વિકસિત ભારત બની ન શકે. તેથી જ દેશના દરેક વ્યક્તિ સુધી આર્થિક સેવા પહોંચાડી તેને પગભર બનાવવાનું કામ માત્ર સહકારી સંસ્થાઓ જ કરી શકે તેમ છે. તેથી વિકસિત ભારત બનાવવા માટે સહકારી સંસ્થાઓની ભૂમિકા મહત્વની રહેવાની છે. એટલે વર્ષ ૨૦૪૭માં

વિકસિત ભારત બનવા માટે સહકારી સંસ્થાઓને સજ્જ કરવાના હેતુ સાથે સહકારી નીતિ-૨૦૨૫ તૈયાર કરવામાં આવી છે.

૨૦૨૫નું વર્ષ સહકારી સંસ્થાઓ માટે ખૂબ મહત્વનું બની રહેશે. તેનું કારણ કે વર્ષ ૨૦૨૫ને આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ તરીકે ઊજવવામાં આવી રહ્યું છે. આ વર્ષે ભારતમાં પ્રથમ એવી ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. આણંદ ખાતે શરૂ થનારી યુનિવર્સિટી તેના લક્ષ્ય પ્રમાણે આગળ વધશે તો સહકારી સંસ્થાઓના માનવ સંસાધનો માટે મોટું બળ મળશે. સહકારી સંસ્થાઓમાં મોટું પરિવર્તન લાવવા અને પ્રગતિશીલ સંસ્થા બનાવવા માટે કાર્યક્ષમ મેન પાવર ખૂબ જરૂરી છે. અને હવે કેન્દ્રીય સહકાર મંત્રાલયે આગામી ૨૦ વર્ષ માટે સહકારી સંસ્થાઓ માટે રોડમેપ તૈયાર કરી દીધો છે અને તેનાથી ''સહકાર સે સમૃદ્ધિ''ના વિઝનને સાકાર કરવાનું છે. વર્ષ ૨૦૦૨માં દેશની પ્રથમ સહકારી નીતિ જાહેર કરવામાં આવી હતી. જે નીતિએ સહકારી સંસ્થાઓની આર્થિક પ્રવૃત્તિઓના વધુ સારા સંચાલન માટે મૂળભૂત માળખું આપ્યું હતું. છેલ્લા બે દાયકામાં વૈશ્વિકીકરણ અને ટેકનોલોજીકલ પ્રગતિને કારણે સમાજ, દેશ અને દુનિયામાં ખૂબ મોટા ફેરફારો થયા છે. આ પરિસ્થિતિમાં ટકવા અને વિકસવા તથા અર્થતંત્રમાં મોટું યોગદાન સહકારી સંસ્થાનું મળે તેવા હેતુથી નવી નીતિ ઘડવી જરૂરી બની હતી. પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી સુરેશ પ્રભુની અધ્યક્ષતામાં કુલ ૪૮ સભ્યોની રાષ્ટ્રીય સ્તરની સમિતિએ નવી રાષ્ટ્રીય સહકારી નીતિ તૈયાર કરી છે. જેમણે ૧૭ બેઠકો અને ૪ પ્રાદેશિક કાર્યશાળા યોજીને નવી સહકારી નીતિનો મુસદ્દો તૈયાર કર્યો છે.

આ સહકારી નીતિના અમલ માટે જાન્યુઆરી વર્ષ ૨૦૨૬ સુધીમાં દરેક રાજ્યોને કાયદાઓમાં અને મંડળીઓના પેટાનિયમમાં જરૂરી સુધારા કરવા જણાવ્યું છે. ૫૦ કરોડ નાગરિકોને સહકારી સંસ્થાઓ સાથે જોડવામાં આવશે. દેશમાં કુલ ૮.૩૦ લાખ સહકારી સંસ્થાઓ છે. તેમાં ૩૦ ટકા વધારો કરવા દરેક જિલ્લામાં ૫ ગામ સહકારી મોડેલ ગામ બનાવવામાં આવશે. દરેક ગામમાં ઓછામાં ઓછી એક સહકારી મંડળી કાર્યરત કરવાનું લક્ષ્ય છે, તથા ૨ લાખ પ્રાથમિક ખેતીવાડી ધિરાણ મંડળીઓનું ડિજિટલાઈઝેશન કરવું, તે દિશામાં કામ ચાલી રહ્યું છે. કેન્દ્રમાં નવું સહકાર મંત્રાલય બન્યા પછી સહકારી ક્ષેત્રમાં સક્રિયતા શરૂ થઈ છે. સહકારી સંસ્થાઓના વિકાસ માટે ત્રણ નવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ બનાવવામાં આવી છે. નિકાસ માટે નેશનલ કૉ-ઑપરેટિવ એક્સપોર્ટ લિમિટેડ, સારા બિયારણ તૈયાર કરવા માટે ભારત બીજ સુધારણા સમિતિ લિમિટેડ, અને ઓર્ગેનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે નેશનલ

કૉ-ઓપરેટિવ ઓર્ગેનિક લિમિટેડની સ્થાપના કરવામાં આવી છે. રાષ્ટ્રીય સહકારી નીતિમાં સહકારી સંસ્થાઓને ખૂબ મોટી અસર કરે તે સૌથી મહત્વનો મુદ્દો ભરતી પ્રક્રિયાનો છે. સહકારી ક્ષેત્રની સંસ્થાઓમાં કરાતી ભરતીમાં પારદર્શિતા લાવવા માટેનો હેતુ જણાવી જોગવાઈ કરવામાં આવી છે. નીતિમાં જણાવ્યા પ્રમાણે આણંદમાં સ્થપાયેલી ત્રિભુવન સહકારી યુનિવર્સિટીને સહકારી સંસ્થાઓમાં ભરતી માટેની કેન્દ્રીય સંસ્થા બનાવવામાં આવશે. તે એક એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જનું કામ કરશે. જે રીતે સરકારના કર્મચારીઓ માટે GPSC અને UPSC મારફતે ભરતી થાય છે. તે રીતે સહકારી સંસ્થાઓમાં સ્ટાફની ત્રિભુવન સહકારી યુનિવર્સિટી મારફત ભરતી કરાશે.ત્રિભુવન યુનિવર્સિટીના ડિગ્રીધારકોને જ આ માટે લાયક ગણવામાં આવશે. સહકારી સંસ્થાઓમાં ભરતીમાં પારદર્શિતા લાવવા માટે આ પાસું નવી નીતિમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું છે તેમ જણાવવામાં આવ્યું છે.

નવી સહકારી નીતિમાં વધુમાં જોગવાઈ છે કે, સભ્યો દ્વારા સ્વતંત્ર રીતે અને લોકશાહી રીતે કાર્ય થઈ શકે તેવું નિયમન કરવું. સહકારી સમિતિઓમાં નિશ્ચિત સમય મર્યાદામાં અને પારદર્શક સેવા આપવી તેવું પણ નક્કી કરવામાં આવ્યું છે. સહકારી સંસ્થાઓના બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ અને હોદ્દેદારોની ચૂંટણી પારદર્શક અને નિષ્પક્ષ બનાવવાની જોગવાઈ છે. સહકારી ક્ષેત્રનું ડિજિટલાઈઝેશન કરવું અને તમામ વિગતોનો ડેટાબેઝ તૈયાર કરવો અને અર્બન કૉ-ઑપરેટિવ બેન્કોને લિક્વિડિટી માટે સહાય આપવી તથા લાંબા ગાળાની લોન આપવા સુધીની જોગવાઈ કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સાથે-સાથે નેશનલ કો-ઑપરેટિવ ઑડિટ બોર્ડ તથા ટ્રિબ્યૂનલ વગેરેની રચના થશે. સંસ્થાઓ માટે પુરસ્કાર અને દંડની સ્પષ્ટ નીતિ તૈયાર કરવામાં આવનાર છે. બેન્કો સહિત નાણાકીય સંસ્થાઓ ઉપર જે રીતે રિઝર્વ બેન્કનું નિયંત્રણ રહે છે તે પદ્ધતિ અનુસાર સહકારી ક્ષેત્રની મંડળીઓ અને સંસ્થાઓ પર પણ એક નિયંત્રક બૉડી (કંટ્રોલ બૉડી)નું ગઠન કરવામાં આવશે. તે જ રીતે સહકારી સંસ્થાઓમાં ઑડિટિંગ માટે અલાયદી વ્યવસ્થા તથા નૈતિક તકરારની સ્થિતિમાં નિવેડો લાવવા માટે લવાદ ટ્રિબ્યૂનલ સંસ્થા ઊભી કરવામાં આવશે. ખૂબ સારા ઉદ્દેશ સાથે સહકારી નીતિ ઘડવામાં આવી છે. સહકારી ક્ષેત્રમાં આ દેશની આર્થિક વ્યવસ્થામાં મોટું યોગદાન આપવાની તાકાત પણ છે. તેમ છતાં સહકારી સંસ્થાઓ સહકારની ભાવનાથી ચાલે તે મુદ્દાને કેન્દ્રમાં રાખવામાં આવશે તો નવી નીતિ સહકારી ક્ષેત્રે મોટું પરિવર્તન ચોક્કસ લાવશે.

ઉત્સવ

# દિપોત્સવી - અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતું મહાપર્વ

મેં તો ઉંબર પર દીવડો મેલ્યો,
કે ઘર મારું ઝળહળતું,
પછી અંધારો ઓરડો ઠેલ્યો,
ભીતર મારું ઝળહળતું.
– દલપત પઢિયાર

વિક્રમ સંવત-૨૦૮૧નું કેલેન્ડર ભીંત પરથી ઉતરી, નવું તારીખિયું-૨૦૮૨, સ્થાન પામશે. એક નવા વર્ષનો જીવનમાં ઉમેરો થશે. આપણને જે જીવન પ્રાપ્ત થયું છે, એ જીવન સમગ્ર આયુષ્ય દરમ્યાન ''મનુષ્યત્વ'' શબ્દ સાર્થક થાય તે રીતે જીવવાનું છે. સમય કેટલી ઝડપથી વહી રહ્યો છે ? વીતેલ સમય કરતા વધારે મૂલ્યવાન સમય આવી રહ્યો છે ? જે આપણી સામે અનેક વિકલ્પો લઈને આવશે. વર્ષની અંતિમ અમાસ દિવાળી, અંધારી રાત - પ્રકાશિત થઈને અજ્ઞાન, અણસમજ, અણબનાવ અને દુ:વૃત્તિઓના ગાઢ અંધકારમાંથી બહાર આવી પ્રકાશ તરફ જવાની શીખ આપે છે. આથી જ કવિ


**વિનોદ એમ. મકવાણા**
''પંચવટી'' અમીપાર્ક, બી-૧ની બાજુમાં,
૧૫૦ ફીટ રીંગ રોડ, પી.વી.મોદી સ્કૂલ નજીક,
રાજકોટ, મો. ૯૪૨૭૨૦૦૦૯૬


દલપતરાય કહે છે,'' મનુષ્યકાયા નથી મોજ માટે, ઘડી નથી તે પશુપક્ષી ઘાટે, અખંડ સ્વર્ગે સુખ આપનારું કરો કરો કાંઈક કામ સારું''

'પ્રકાશ તરફ ગતિ કરવી' એટલે જીવનમાં સદ્‌ગુણોનું સેવન કરવું. કેવળ શ્વાસ લઈ જીવવું એ જિંદગી નથી. જિંદગી એટલે 'ઉત્તમ કર્તવ્યો અદા કરવાનો અવસર.' આપણા જીવનની યાત્રા એટલે B-Brath અને D-Dath વચ્ચેની C-Choice કરવાની છે. જન્મ અને મરણ વચ્ચે કેવી રીતે જીવવું એ પસંદગી આપણે કરવાની છે. જીવન એક રમત છે, જેમાં હાર જીત આપણા હાથમાં નથી પણ રમત કેમ રમવી ? એ આપણા હાથની વાત છે.

આપણું આયુષ્ય કેટલું છે ? તે આપણે જાણતા નથી અલ્પ સમયમાં આપણે જીવતા હોવાનો અહેસાસ કરાવવા માંગતા હોય તો પ્રેમ-લાગણી-પરોપકાર - સેવા - પરહીત જેવા ઉદ્દાત ગુણો કેળવવાના છે. જીવનને એક ઉત્સવ માની નિરંતર માણતા રહેવાનું છે જિંદગીની ક્ષણે-ક્ષણેની 'ઉજવણી કરવાની છે. બધી કલામાં જીવન જીવવાની કલા'ને શ્રેષ્ઠ કલા કહી છે. સારી રીતે જીવી

મનુષ્યત્વની સાર્થકતા સાબિત કરે તે જ સાચો કલાકાર છે.'' આ વાતની સમજ આપતા રજનીશજી કહે છે. ''જીવન એવી રીતે જીવો કે જાણે તે અભિનય હોય. અભિનય એવી રીતે કરો કે તે જીવન હોય.''

આપણા પરિવારના સુખ, આનંદ કે પ્રગતિ માટે ચોક્કસ વિચાર કરીએ, સાથો સાથ બીજાના સુખ, આનંદ પ્રગતિ, માટે જેઓ કોઇ પણ પ્રકારે દુઃખી હતાશ કે જરૂરતમંદ છે તેમના માટે આપણે સહાયરૂપ, સજાગ, સચિંત અને સક્રીય બનવાનું છે. આપણી આસપાસ પીડા હોય તો ઉપચાર, હિંસા હોય તો કરૂણા, વૈમનસ્ય હોય તો મૈત્રી, અશાંતી હોય તો શાંતિ... અંધકાર હોય તો દીવો બનવાનું છે. આ રીતે કોઇ એક વ્રત લઇ, જીવનની નવી શરૂઆત કરીશું. કેટલું જીવ્યાં, તે મહત્વનું નથી પણ કેવું જીવ્યાં તે મહત્વનું છે.

સ્વામી રામતીર્થ એક વાત બહુ સરસ કહી છે. ''નિષ્કામ કર્મ ઈશ્વરને ઋણી બનાવે છે. ઈશ્વર તેને વ્યાજ સહિત પાછું વાળવા માટે અધીરો બની જાય છે'' આપણે જ્યાં પણ જઇએ ત્યાં આપણું અજવાળું-સદ્‌ગુણ લઇને જઈએ. કોઈના આંગણે, કોઇના જીવતરમાં, જ્યોત પ્રગટાવી... પ્રકાશ પાથરીએ, ટૂંકમાં અન્યનાં જીવનનો અંધકાર દૂર કરવાનો પ્રયાસ કરવામાં જ આપણા જીવનની સાર્થકતા સમાયેલી છે. એક દીવડો અનેક દીવડાને પ્રજવલિત કરી શકે છે. Happy New Year તો ચાલો નવા વર્ષે શુભ સંકલ્પ કરીએ....

વિશ્રામ ચાહો છો તો શ્રમ કરો,
વર્ષા ગમે છે, તો ગ્રીષ્મ વેઠો,
ઝળહળવું છે, તો અંધકાર સાથે મૈત્રી કરો.
બોલવું છે, તો આત્મસંવાદ કરો....

**આપણું આયુષ્ય કેટલું છે ? તે આપણે જાણતા નથી અલ્પ સમયમાં આપણે જીવતા હોવાનો અહેસાસ કરાવવા માંગતા હોય તો પ્રેમ-લાગણી-પરોપકાર - સેવા - પરહીત જેવા ઉદ્દાત ગુણો કેળવવાના છે. જીવનને એક ઉત્સવ માની નિરંતર માણતા રહેવાનું છે જિંદગીની ક્ષણે-ક્ષણેની 'ઉજવણી કરવાની છે. બધી કલામાં જીવન જીવવાની કલા'ને શ્રેષ્ઠ કલા કહી છે.**

કૃષિ ટેકનો

# Artificial Intelligence (AI) દ્વારા કૃષિ ક્ષેત્રે ક્રાંતિ

- **KVK બારામતી (સ્થાપના વર્ષ: ૧૯૯૨):** હાઈ-ટેક, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા કેન્દ્ર - ટકાઉ કૃષિ વિકાસ માટે અગત્યની ભૂમિકા.
- **પડકારો :** ડેટાની અછત, હવામાન આગાહીનો અભાવ, ૧૮% ઉત્પાદનક્ષમતા ઘટાડો, લણણી પછીનો ૧૬% બગાડ.
- **ઉકેલ :** Microsoft + ADT બારામતી - નવેમ્બર ૨૦૨૨થી FarmVibes. AI અને AgriPilot.aiનો અમલ.
- **સ્માર્ટ ખેતી :** સૅટેલાઇટ ડેટા, ડ્રોન, IoT સેન્સર, હવામાન API, સ્માર્ટ વર્કફ્લો દ્વારા ખાતર, સિંચાઈ અને કીટક નિયંત્રણ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), બારામતીની સ્થાપના ૧ ઓગસ્ટ ૧૯૯૨ના રોજ Indian Agricultural Research Institute (ICAR) સાથેના જોડાણ હેઠળ કરવામાં આવી હતી. શરૂઆતમાં તેનું કાર્યક્ષેત્ર સમગ્ર પૂણે જિલ્લો હતો, પરંતુ નવા KVKની સ્થાપના બાદ તેનો વિસ્તાર ઘટાડીને પૂણે જિલ્લાના ૭ તાલુકાઓમાં વહેંચાયો. ભારતનું મોડેલ, હાઈ-ટેક અને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા કેન્દ્ર તરીકે ઓળખાતું KVK બારામતી છેલ્લા ૩૩ વર્ષથી ટકાઉ કૃષિ વિકાસ માટે કાર્યરત છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સંશોધન સંસ્થાઓથી ખેડૂતો સુધી ટેકનોલોજી પહોંચાડવાનો છે. જેથી ખેડૂતોની ઉત્પાદકતા અને આવકમાં વધારો થાય. આજના ડિજિટલ યુગમાં કૃત્રિમ બુદ્ધિ (AI), સેટેલાઇટ ડેટા અને સ્માર્ટ સેન્સર જેવા સાધનો ખેતીમાં ક્રાંતિ લાવી રહ્યા છે, અને તેનું શ્રેષ્ઠ ઉદાહરણ બારામતીમાં Microsoft તથા એગ્રીકલ્ચર ડેવલોપમેન્ટ ટ્રસ્ટ Agriculture Development Trust (ADT) છે.

**રોનક પટેલ**
(અધ્યાપક)
ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,
અમદાવાદ

ADT બારામતીને ખેતી ક્ષેત્રે અનેક પડકારોનો સામનો કરવો પડ્યો છે. ખેતર અને પાક સંબંધિત ડેટા અસંગઠિત હોવાથી તેનો યોગ્ય ઉપયોગ થઈ શકતો નહતો, જ્યારે હવામાન આગાહીના અભાવે વાવણી, ખાતર અને લણણી અંગે યોગ્ય

નિર્ણય લેવા મુશ્કેલ બનતા. પરિણામે ઉત્પાદન ક્ષમતા લગભગ ૧૮% જેટલી ઘટી ગઈ સાથે પાણી અને પોષકતત્ત્વોની ઉણપથી જમીનની ફળદ્રુપતા ઘટી અને પાકનું સ્વાસ્થ્ય નબળું પડ્યું. તેમાં પણ ખાસ કરીને શેરડીના પાકમાં શ્રેષ્ઠ લણણી સમય ન જાણી શકવાને કારણે ગુણવત્તા ઓછી થઈ અને લણણી પછીના કચરાના કારણે આશરે ૧૬% બગાડ થતો. જેથી નીંદણ નિયંત્રણના અભાવે જમીનનાં પોષક તત્ત્વો બગડતા રહ્યા. માલની ડિલિવરી બિનકાર્યક્ષમ હોવાથી ખેડૂતોને સમયસર લાભ મળતો ન હતો. આ તમામ પરિબળોના કારણે ખેતી વધુ ખર્ચાળ, જટિલ અને આબોહવા પરિવર્તનથી વધુ પડકારજનક બની ગઈ.

આ પડકારોને દૂર કરવા માટે ADT એ માઈક્રોસોફ્ટ સાથે મળીને નવેમ્બર ૨૦૨૨માં FarmVibes. AI પદ્ધતિનો ઉપયોગ કરી કૃષિ ક્ષેત્રે ટેક્નોલૉજી અપનાવી છે. જેમાં હાલ પ્રાયોગિક ધોરણે શેરડીના પાક પર અજમાઈશ કરવામાં આવી રહી છે.

**Farm Vibes.AI કેવી રીતે કાર્ય કરે છે**

- જમીનના સેન્સર, ડ્રોન અને સેટેલાઇટથી માહિતી એકત્રિત કરે છે.
- વિવિધ ડેટાનું વિશ્લેષણ કરીને ખેડૂતોને ખાતરના પ્રમાણ, સિંચાઈનો સમય તથા કીટક નિયંત્રણ અંગે યોગ્ય માર્ગદર્શન આપે છે.

**Agri Pilot. AI Solutions**

**સીમલેસ સેટેલાઇટ (નો-ટચ) ડેટા કલેક્શન**

સેટેલાઇટ ડેટાનો ઉપયોગ કરીને, Agri Pilot.ai એ સેટેલાઇટ ડેટામાંથી Normalized Difference Vegetation Index (NDVI) અને Enhanced Vegetation Index (EVI) જેવા ૨૦+ નિર્દેશોનું વિશ્લેષણ કરીને ડેટા કલેક્શનને પરિવર્તિત કરે છે, જેનાથી ખેડૂતો સ્વસ્થ વનસ્પતિ ધરાવતા વિસ્તારોને ઓળખી શકે છે. સાથે સંકલિત હવામાન Application Programming Interface (API) દ્વારા રીઅલ-ટાઇમ સેટેલાઇટ હવામાન ડેટા પણ પૂરો પાડે છે, જેનાથી ચોક્કસ પોષક વિશ્લેષણ સુનિશ્ચિત થાય છે. AI આધારિત સ્માર્ટ વર્કફ્લો દ્વારા ખેતરમાં IoT સેન્સર લગાવવામાં આવ્યાં છે, જે માટી અને પાણીમાં રહેલા પોષક તત્ત્વોની માહિતી તરત જ એકત્ર કરે છે. હવામાનની તાજી માહિતી માટે આધુનિક હવામાન સ્ટેશન જોડાયેલ છે. આ બધું દૂરથી જ જોવા અને સંચાલન કરવા માટે Long Range Wide Area Netwrok (Lora WAN) નેટવર્કિંગ પ્રોટોકોલનો ઉપયોગ કરવામાં

આવી રહ્યો છે. સાથે સાથે ડ્રોનથી પાક અને માટીની સ્પષ્ટ તસવીરો અને માહિતી મળે છે. આ માહિતીથી ખબર પડે છે કે પાકને ખાતર કે દવાની જરૂર છે કે નહીં. ત્યારબાદ ખાતર અને દવા ફક્ત જરૂરી જગ્યાએ જ છાંટવામાં આવે છે. આથી ખર્ચ બચે છે, આથી દવા-ખાતરનો બગાડ ઓછો થાય છે અને પાક તંદુરસ્ત રહે છે. તેથી નિર્ધારિત વિસ્તારોમાં છંટકાવ કરવા, ટકાઉપણું વધારવા અને પાકના રોગમુક્ત પાક માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

Agri Pilot.ai એ સેટેલાઇટ તસવીરોનો ઉપયોગ કરીને પાકની તંદુરસ્તી માપવા માટે Normalized Difference Vegetation Index (NDVI) અને Enhanced Vegetation Index (EVI) નામના માપદંડો લીધા પછી તેને લેબમાં થયેલા શેરડીના સુક્રોઝ (મીઠાશ) ના ડેટા સાથે સરખાવતાં જાણવા મળ્યું કે જ્યાં NDVI અને EVI વધુ છે, ત્યાં શેરડી વધુ મીઠી છે. આ રીતે ADT બારામતીને સમજાયું કે કયા ખેતરમાં શેરડી વધુ મીઠી પાકી શકે છે અને ક્યા ખેતરમાં મધ્યમ. ગુણવત્તાવાળી શેરડી માટે સારી કિંમત મળી શકે છે.

Agri Pilot.aiએ ખેતીમાં મોટો બદલાવ લાવ્યો છે. આ પ્લેટફોર્મ AI દ્વારા ખેડૂતોને સીધા ખરીદ્દારો સાથે જોડે છે, જેથી પાકનો બગાડ ઓછો થાય અને નફો વધે. તેમાં બજારભાવ અને વલણોની રીઅલ-ટાઈમ માહિતી મળે છે, જેથી ખેડૂત સાચો નિર્ણય લઈ શકે. ખાસ કરીને શેરડીમાં, સુક્રોઝ આધારે AI સલાહ આપે છે કે તેને ઓર્ગેનિક સુગર, ખાંડ કે ગોળમાં વાપરવું. આથી ખેડૂતોને તેમના પાકમાંથી વધુ મૂલ્ય મળે છે.

**Agri Pilot.aiના લાભો**

- અદ્યતન નિર્ણય સાથે ચોકસાઈથી ખેતી કરવાથી પાકની ઉપજમાં ૨૦ % વધારો.
- પાણી વ્યવસ્થાપન : પાણીનો વપરાશ ૮% ઘટાડ્યો.
- રાસાયણિક ખાતરના વપરાશમાં ૨૦ % ઘટાડો.
- અત્યાંધુનિક ખેતી પદ્ધતિઓનો ઉપયોગ કરીને પાકની ગુણવત્તામાં ૧૦ % સુધારો.
- કાર્યક્ષમ વ્યવસ્થાપન અને બજાર જોડાણ દ્વારા લણણી પછીના બગાડમાં ૧૨ % ઘટાડો.
- ઉત્તમ વ્યવસ્થાપનથી સંગ્રહ ખર્ચમાં ૨૦% નો બચાવ.
- ડેટા-આધારિત નિર્ણયો અને માટી આરોગ્ય પગલાં દ્વારા માટીની

ગુણવત્તામાં ૧૮ % વધારો.

- AI -આધારિત આંતરદૃષ્ટિ અને ઉકેલો દ્વારા કાર્યકારી કાર્યક્ષમતામાં ૨૭ % વધારો.
- ઉચ્ચ સુક્રોઝ ધરાવતા વિસ્તારોની ઓળખથી શેરડીની ગુણવત્તા સુધારી બજારમાં વધારે કિંમત મળશે.

**AgriPilot.ai ની કૃષિ પર અસર**

ADT બારામતી, માઇક્રોસોફ્ટ અને ઓક્સફોર્ડના સંયુક્ત સાહસથી ADT બારામતી માટે ગ્રાઉન્ડ બ્રેકિંગ "ફાર્મ ઓફ ધ ફ્યુચર" પ્રોજેક્ટ શરૂ થયો. AgriPilot.ai એ તેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું, જેમાં અદ્યતન ખુલ્લી ખેતી તકનીકો અને નિયંત્રિત વાતાવરણ માટે રીઅલ-ટાઇમ મોનિટરિંગ અને AI-સંચાલિત આંતરદૃષ્ટિ સાથે પોલીહાઉસ ખેતી દર્શાવવામાં આવી. આમાં એક્વાપોનિક્સ, હાઇડ્રોપોનિક્સ અને એરોપોનિક્સ જેવી પાણી-ઑપ્ટિમાઇઝ્ડ તકનીકોનો સમાવેશ થાય છે, જેણે ઉપજ અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કર્યો છે, ઉપરાંત આધુનિક કૃષિ પદ્ધતિ ખેતીમાં લાભકારી છે.

AgriPilot.ai એ રીઅલ-ટાઇમ બજાર ડેટા અને AI ભલામણો પ્રદાન કરીને ઈવેન્ટને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આનાથી ADT બારામતીને ખરીદ્દારોને અસરકારક રીતે લક્ષ્ય બનાવવામાં અને તેમની બજારમાં હાજરી વધારવામાં મદદ મળી. આ પ્રયાસોના પરિણામે, AgriPilot.ai એ ૨૦,૦૦૦ ખેડૂતોને ADT બારામતી સાથે સફળતાપૂર્વક AI-સંચાલિત ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે સામેલ કરવામાં આવ્યાં જે ટકાઉ અને કાર્યક્ષમ કૃષિ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

ADT બારામતીએ અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્તકરી છે, જે વૈશ્વિક કૃષિ ક્ષેત્રમાં ટૅક્નોલૉજીની સિદ્ધિ કહેવાય. AgriPilot.ai સાથે Artificial Intelligence (AI), Machine Learning (ML) અને ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કેવી રીતે ટકાઉ અને કાર્યક્ષમ ખેતી પદ્ધતિઓને આગળ ધપાવી શકે છે, જે આખરે કૃષિ કાર્યક્ષમતા અને Return on Investment (ROI) માં વધારો કરે છે. આગામી સમયમાં આ પ્રૉજેક્ટ હેઠળ વધુ ખેડૂતોને આવરી લેવાશે અને ભવિષ્યમાં શેરડી સિવાય અન્ય પાકોમાં પણ તેનો ઉપયોગ કરાશે.

બારામતી ખાતે દર વર્ષે જાન્યુઆરી માસ દરમિયાન કૃષિ પ્રદર્શન યોજાય છે. આવનારા વર્ષમાં ૧૫ થી ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ૧૧મું કૃષિ પ્રદર્શન - KRUSHIK 2026: Live Demo & Agri Expo યોજાઇ રહ્યું છે.

આ પ્રદર્શનનો મુખ્ય હેતુ ખેડૂતોને

અદ્યતન કૃષિ નવી ટૅક્નોલૉજી પ્રત્યે પ્રેરિત કરીને જ્ઞાન પૂરું પાડવાનો છે. તેમાં AI આધારિત ખેતી પદ્ધતિઓ અંગે પ્રાયોગિક માર્ગદર્શન, ડ્રૉનના ઉપયોગ અંગે પ્રદર્શન, સંરક્ષિત ખેતી જેવી આધુનિક પદ્ધતિઓનું જ્ઞાન તેમ જ નિષ્ણાતો, ખેડૂતો અને નીતિ નિર્માતાઓ વચ્ચે જ્ઞાન વિનિમય માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે.

આ ભવ્ય ઈવેન્ટ ૧૦૦ એકરથી વધુ જગ્યામાં યોજાશે. જેમાં ૪૦૦થી વધુ પ્રદર્શકો, ૨૦થી વધુ કાર્યક્ષેત્રો અને ૩ લાખથી વધુ લોકો જોડાશે. જેનો હેતુ વૈશ્વિક કૃષિ અને ખેતી સમુદાયને પરસ્પર લાભ માટે એક જ સ્થળે એકત્ર કરવાનો છે.

આ પ્લેટફોર્મ ઉત્પાદકો, સેવા પ્રદાતાઓ, નીતિ નિર્માતાઓ, સરકારી વિભાગો અને સંસ્થાઓને પરસ્પર વ્યવસાયિક તકો માટે એકત્ર થવા પ્રોત્સાહિત કરે છે. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના તમામ હિસ્સેદારો માટે આ એક સુવર્ણ તક છે, જ્યાં નવી તકનીકી શીખવા, અનુભવ રજૂ કરવા માટેની સુવર્ણ તક છે.

આપ પણ આ પ્રદર્શનમાં જોડાઈ શકો છો. લિન્ક નીચે આપેલ છે અને તમારા ખેડૂત મિત્રો તથા સભ્યોને પણ આ અનોખા અવસર વિશે અવગત કરી શકો છો.

વધુ માહિતી માટેઃ

Website : **www.krushikbaramati.com**

**નિષ્કર્ષ (Conclusion) :**

AgriPilot.aiની મદદથી બારામતીના ખેડૂતો હવે સ્માર્ટ ટેકનોલોજી દ્વારા ખેતીમાં વધુ ઉપજ, ઉત્તમ ગુણવત્તા અને સારો બજાર ભાવ મેળવી રહ્યા છે. આ પહેલ દ્વારા પાણી, ખાતર અને શ્રમનો ટકાઉ ઉપયોગ શક્ય બન્યો છે. Agriculture Development Trust બારામતીની આ આગવી પહેલ કૃષિનું ડિજિટલ ભવિષ્ય બનાવી રહી છે જે અન્ય ખેડૂતો માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

**AgriPilot.ai એ સેટેલાઈટ તસવીરોનો ઉપયોગ કરીને પાકની તંદુરસ્તી માપવા માટે Normalized Difference Vegetation Index (NDVI) અને Enhanced Vegetation Index (EVI) નામના માપદંડો લીધા પછી તેને લેબમાં થયેલા શેરડીના સુક્રોઝ (મીઠાશ) ના ડેટા સાથે સરખાવતાં જાણવા મળ્યું કે જ્યાં NDVI અને EVI વધુ છે, ત્યાં શેરડી વધુ મીઠી છે.**

સહકારે ટેકનો

# માઈક્રો એટીએમથી દૂધ ભરનારાઓને પેમેન્ટ કરવાથી પારદર્શકતામાં થતો વધારો

આજે ગુજરાતના તમામ ૧૮૦૦૦ ગામમાં દૂધ સહકારી મંડળીઓ સક્રિય હોવાનું કહી શકાય તેમ છે. તેનાથી પશુપાલકોને નિયમિત આવક થતી રહે છે. દર અઠવાડિયે દૂધ ભરવાના નાણાંની ચૂકવણી થઈ જાય છે. પરિણામે ખેડૂતોને પૈસાની ખેંચ રહેતી નથી. જરૂર હોય ત્યારે બૅન્કના ખાતામાંથી ખેડૂતો તેમના નાણાં ઉપાડીને વપરાશ કરી શકે છે. તદુપરાંત પણ તેના ઘણાં ફાયદા છે. પેમેન્ટમાં સંપૂર્ણ પારદર્શકતા આવે છે. દસ વર્ષે પણ તે રેકોર્ડની બેન્કમાં કે ખેડૂતની પાસબૂકમાં ચકાસી શકાય છે. ડેરીઓ દ્વારા દૂધ સહકારી મંડળીને કરવામાં આવેલા પેમેન્ટ્સનો રેકોર્ડ ૨૦ વર્ષ સુધી સચવાઈ રહે છે. આમ પેમેન્ટના મુદ્દે ડખો થાય ત્યારે જૂના રેકોર્ડને ચકાસી શકાય છે. આમ માઈક્રો એટીએમથી પેમેન્ટ કરવાને પરિણામે પેમેન્ટની સિસ્ટમ વધુ અસરકારક બને છે. તેમજ દરેક પશુપાલકને બેન્કિંગની સુવિધા મળી જાય છે. માઈક્રો એટીએમથી પેમેન્ટ કરવાને પરિણામે દૂધ ભરનારા પશુપાલક સાથે ફ્રોડ થવાની શક્યતા ઓછી થઈ જાય છે. તેમજ પશુપાલકોને તેમના નાણાં સરળતાથી કોઈ પણ જાતના અવરોધ વિના મળી જાય છે.

માઈક્રો એટીએમથી પેમેન્ટ કરવામાં જવાબદારી નિભાવી હોવાનું સ્પષ્ટ થઈ જાય છે. દૂધ લેનાર સહકારી મંડળી કે દૂધ લેનાર અમૂલ જેવી સંસ્થાએ પેમેન્ટ કર્યું હોવાનું નિશ્ચિત થઈ જાય છે. પશુપાલકને પેમેન્ટ ન મળ્યું હોવાની ફરિયાદ કરવાનો અવકાશ રહેતો જ નથી. પૅમેન્ટનો ડિજિટલ રેકોર્ડ બની જાય છે. માઈક્રો એટીએમ હોય તો દૂધ કલેક્શન કેટલું થયું અને તેની સામે પેમેન્ટ કેટલું કરવાનું થાય છે તેનું નિયમન જે ટાઈમે બનતું હોય તે ટાઈમે થઈ શકે છે. તેમાં ગેરરીતિ થતી અટકી જાય છે. પૅમેન્ટમાં કોઈ પણ પ્રકારની અનિયમિતતા થઈ હોય તો તે ચકાસી શકાય છે. પૅમેન્ટની અનિયમિતતા પકડી શકાય છે. માઈક્રો એટીએમની સિસ્ટમથી પેમેન્ટ વધુ અસરકારક રીતે અને ઝડપથી થાય છે. પૅમેન્ટમાં વિલંબ થતો નથી. તેથી ખેડૂતો પાસે રોકડનો પ્રવાહ ચાલુ શકાય છે. તેનું નિયમન પણ કરી શકાય છે. તેથી વજન બહુ જ વ્યવસ્થિત રીતે થાય છે. તેમ જ એસ. એન. એફ.નું ટેસ્ટિંગ પણ

વ્યવસ્થિત થાય છે. પેમેન્ટ વ્યક્તિગત રીતે થાય છે પણ કોઈ એક જ વ્યક્તિ તે કામ બહુ જ સરળતાથી કરી શકે છે. મેન્યુઅલ હેન્ડલિંગ કરવાની જરૂર રહેતી નથી. તેને માટે પેપર વર્ક કરવું પડતું નથી. તેનાથી પશુપાલકોનું ફાઈનાન્શિયલ ઈન્ક્યુઝન શક્ય બને છે. તેમ જ પશુપાલકોનું નાણાકીય સશક્તીકરણ પણ થાય છે. પશુપાલનમાં મહિલાઓનું પ્રમાણ વધારે હોવાથી માઈક્રો એટીએમથી મહિલાઓના સશક્તીકરણને પણ વેગ મળી રહ્યો છે. તેમજ મહિલા કે પુરૂષ પશુપાલકને અન્ય નાણાકીય સેવાઓ મળવાનો માર્ગ પણ ખૂલી જાય છે.

માઈક્રો એટીએમને કારણે ગ્રામીણ વિસ્તારોમાં બેન્કિંગની સુવિધા પણ પૂરી પાડવામાં મદદ કરે છે. માઈક્રો એટીએમને કારણે જેમની પાસે બેન્ક ખાતાની સુવિધા નહોતી તે પશુપાલકો પાસે બેન્કની સુવિધા મળતી થઈ ગઈ છે. માઈક્રો એટીએમની મદદથી પેમેન્ટ કરવાની સિસ્ટમને કારણે ખેડૂતોને ક્રેડિટમાં વધારો થાય છે. તેમના નાણાકીય સંગીનતાનો સહજ અંદાજ આવી જાય છે. તેમજ તેના બેન્ક ખાતામાં કેટલા પૈસા રહે છે અને કેટલા વપરાય છે તેનો પણ અંદાજ આવી જાય છે. તેને આધારે ખેડૂતો સરળતાથી લોન પણ મેળવી શકે છે. તેમ જ અન્ય નાણાકીય પ્રોડક્ટ્સની સુવિધા મેળવી શકે છે.

માઈક્રો એટીએમને કારણે ખેડૂતોને સેવિંગ ખાતામાં નાણાં જમા કરાવવાની અને નાણાં ઉપાડવાની સુવિધ સરળતા મળી રહે છે. માઈક્રો એટીએમને કારણે દૂધનો સપ્લાય મેળવવાનો ખર્ચ ઓછો થઈ જાય છે. પૅમેન્ટની સિસ્ટમને એકદમ સરળ બનાવી દે છે. પૅમેન્ટના હિસાબો રાખવા માટે એક માણસથી કામ થઈ જાય છે. તેને માટે અનેક માણસો રાખવાની જરૂર પડતી નથી. કારણ કે દૂધ ભરનારના દૂધના જથ્થા અને દૂધની ફેટનો રેકોર્ડ તેમને ઓનલાઈન જ મળી જાય છે. પરિણામે મેનપાવરની જરૂરિયાત ઓછી પડે છે.

દૂધની ગુણવત્તામાં પણ સુધારો થાય છે. કારણ કે દૂધ સહકારી મંડળીઓમાં જ દૂધના કૂલિંગ માટેના યુનિટ એટલે કે બલ્ક મિલ્ક કૂલિંગ યુનિટ્સ બેસાડવામાં આવે છે. તેમાં મૂકેલા દૂધનો રેકોર્ડ પણ માઈક્રો એટીએમમાં પહોંચી જાય છે. તેથી દૂધ બગડી જવાની સંભાવના છે. તેમજ દૂધની ગુણવત્તા પણ જળવાઈ રહે છે. માઈક્રો એટીએમને કારણે દૂધને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટેની સ્થિતિ સ્થાપકતા વધી જાય છે. દૂધ કલેક્ટ કરવા માટેની અલગ અલગ સ્થળ કે અલગ અલગ ગામની વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવે છે.

અમૂલે જૂન ૨૦૨૧થી માઈક્રો એટીએમથી પેમેન્ટ આપવાની વ્યવસ્થા ઊભી કરી છે. રોજના ૨૦૦૦ લિટર દૂધ ભરતા રાજકોટ જિલ્લાના આનંદપરા ગામમાં માઈક્રો એટીએમની વ્યવસ્થા કરવામાં આવી હતી. અમૂલ સાથે જોડાયેલી ગોપાલ ડેરીના દૂધ ભરનારાઓ માટે આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. આ રીતે ગ્રામીણ અર્થતંત્રને ડિજિટાઈઝ કરવાનો આરંભ કરવામાં આવ્યો હતો. દૂધ મંડળીના કોઈપણ સભાસદ માઈક્રો એટીએમમાં જઈને તેમના નાણાંનો ઉપાડ કરી શકે છે. દૂધ સહકારી મંડળીમાં જ માઈક્રો એટીએમ ગોઠવી દેવામાં આવ્યા છે. તેનાથી પશુપાલકો અને ખેડૂતોને દૂર દૂરના વિસ્તારમાં આવેલી બેન્કમાં જવું પડતું નથી. બેન્ક સુધી જવાના તથા જઈને આવવાના ખર્ચનો કોઈ જ બોજ આવતો નથી. તેમજ જવા આવવાનો સમય પણ બચે છે. માઈક્રો એટીએમમાં કરવામાં આવતા દરેક આર્થિક વહેવારો સલામત હોવાનું પણ હવે ખેડૂતો સ્વીકારતા થયા છે. આરંભમાં તેમને તેમાં થોડો ડર લાગતો હતો. હવે આ ડર ધીમે ધીમે નાબૂદ થવા માંડ્યો છે. તેને માટે ક્રેડિટ કે ડેબિટ કાર્ડની જરૂર પણ પડતી નથી. માત્ર અંગૂઠાની છાપ-ઈમેજનો ઉપયોગ કરીને માઈક્રો એટીએમમાં વહેવાર કરી શકાય છે. માઈક્રો એટીએમની વ્યવસ્થાને પરિણામે નાના, સીમાંત અને જમીનવિહોણા ખેડૂતોનો વિશ્વાસ વધ્યો છે. તેમ જ ખેડૂતો તેમની ભવિષ્યની જરૂરિયાત માટે પૈસાની બચત કરતાં પણ થયા છે. નવેમ્બર, ૨૦૨૪ના અરસાના આંકડાઓ પર નજર નાખવામાં આવે તો ગુજરાતમાં કુલ ૧૭૩૨ જેટલા એટીએમ ચાલુ કરી દેવામાં આવ્યા છે. સ્થાનિક બેન્ક મિત્રની સુવિધા પણ એટીએમના માધ્યમથી આપવામાં આવે છે. આ માઈક્રો એટીએમ નાખવા માટે નાબાર્ડ તરફથી રૂા.૩.૭ કરોડની સહાય આપવામાં આવી છે. ગુજરાતમાં અંદાજે ૧૮૦૦૦ ગામડાં છે. મોટા ભાગના ગામોમાં દૂધ સહકારી મંડળીઓ છે.

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના મહુલિયા ગામની કોકિલા પટેલ નામની નિરક્ષર મહિલા પણ બેન્ક મિત્ર સાથે બેસીને સરળતાથી પૈસાનો ઉપાડ કરતી થઈ ગઈ છે. ડેરીના વ્યવસાય સાથે સંકળાયેલી માઈક્રો એટીએમમાં વહેવાર કરી શકે છે. માઈક્રો, ડેબિટ કે ક્રેડિટ કાર્ડના વહેવારો પણ કરી શકે છે. તેમજ તેના પરિવારના ખર્ચનો બોજ સંભાળે છે. આ મહિલાની આવકમાંથી જ પરિવારની ખેતીની જરૂરિયાત માટે ટ્રેક્ટરની ખરીદી કરવામાં આવી હતી.

ડેરી ઉદ્યોગ સાથે ગુજરાતની કુલ ૩૬ લાખ મહિલાઓ જોડાયેલી છે. આ મહિલાઓ મળીને વરસે દહાડે રૂ. ૬૦,૦૦૦ કરોડનો બિઝનેસ કરે છે. માઈક્રો એટીએમ તેને વેગ આપી રહી છે. માઈક્રો એટીએમએ પોઈન્ટ ઓપ સેલ છે. મોબાઈલ ડિવાઈઝ સાથે તે જોડાયેલું હોય છે. તેમાં રોકડ જમા લેવા, રોકડનો ઉપાડ કરવાની, ફંડ ટ્રાન્સફ ર કરવાની અને સિલકની ચકાસણી કરવાની વ્યવસ્થા છે. બેન્ક મિત્રને તાલીમ આપવામાં આવે છે. એક જમાનામાં માત્ર પુરુષો જ બેન્કિંગ કરતાં હતા, આજે ગામડાંની મહિલાઓ પણ બૅન્કિંગ કરતી થઈ ગઈ છે. બેન્ક મિત્ર દરેક દૂધ ભરનારના ઘરે જઈને આ સુવિધા પૂરી પાડતા હોવાથી આ શક્ય બન્યું છે. અન્યથા બેન્કમાં નાણાં જમા કરાવવા કે ઉપાડવા માટે દસથી પંદર કિલોમીટર દૂર જવું પડતુ હતું. કો-ઓપરેશન એમોન્ગ્સ્ટ કો-ઓપરેટિવ્સ પણ તેનો જ હિસ્સો છે. આ આયોજન શ્વેત ક્રાન્તિને પણ વેગ આપશે. મહિલાઓના નામે બેન્કમાં ચેક જમા થાય તો તેને પરિણામે પણ મહિલાઓ અત્યંત ખુશ થઈ જાય છે. પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ અને દૂધ સહકારી મંડળીઓની મહિલાઓને બૅન્કિંગ શિખવાડવા માટે કુલ ૮૨૪ ડિજિટલ લિટરસી કેમ્પ પણ યોજવામાં આવ્યા છે. તેના માધ્યમથી કુલ ૧.૮૭ લાખ નવા સભાસદોને માઈક્રો એટીએમની સુવિધા સાથે જોડવામાં આવ્યા છે. આ વ્યવસ્થાને કારણે પશુપાલક અને ખેડૂત પરિવારોમાં બચત કરવાની પણ માનસિકતા આવી જ છે. છોકરાંઓના ભણતર માટે પણ નાણાં અલગ મૂકતા થયા છે.

જાન્યુઆરીથી ઓક્ટોબર ૨૦૨૪ના ગાળામાં જિલ્લા સહકારી બેન્કોએ કુલ ૧૧.૪૦ લાખ નવા બેન્ક ખાતાઓ ખોલ્યા તે પછી બેન્કોની ડિપોઝિટમાં કુલ ૪૪૯૧ કરોડનો વધારો થયો હતો. પ્રાઈમરી ડૅરી કૉ-ઓપરેટિવ્સના સભાસદોએ મળીને માઈક્રો એટીએમના માધ્યમથી કુલ ૩૦.૦૬ લાખ નાણાકીય વહેવારો કર્યા હતા. આમ ડિજિટલ પેમેન્ટમાં કૂદકે ને ભૂસકે વધારો થઈ રહ્યો છે. પેક્સના સભાસદોને કુલ ૮૭૦૦૦ નવા રૂપે કાર્ડ ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૩-૨૪ના નાણાંકીય વર્ષમાં કુલ ૫૭૫૪ પેક્સનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું હતું. હવે માઈક્રો એટીએમની જેમ મિલ્ક એટીએમ પણ આવી ગયા છે. મિલ્ક એટીએમમાં પૈસા નાખો તે પ્રમાણમાં દૂધ બહાર આવે છે.

**બેન્ક એટીએમ ચાર્જ લેવાય છે, અને માઈક્રો એટીમ પર કોઈપણ ચાર્જ લાગતો નથી**

અન્ય બેન્કો એટીએમના ચાર્જ વસૂલે છે. માઈક્રો એટીએમમાં કોઈ જ ચાર્જ લેવાતા નથી. મહિનામાં તેમાં ગમે તેટલા ટ્રાન્ઝેક્શન કરી શકાય છે. એટીએમમાં મહિને ત્રણથી પાંચ ટ્રાન્ઝેક્શન જ ફ્રીમાં કરી શકાય છે. તેનાથી વધુ ટ્રાન્ઝેક્શન થાય તો તેના પર ચાર્જ લેવામાં આવે છે. અન્ય બેન્કના એટીએમમાં ડૅબિટ કાર્ડ કે પછી ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરનારાઓ પાસે એન્યુઅલ મેઈન્ટેનન્સ ચાર્જ લેવાય છે. ફોરેન બેન્કના એટીએમ અન્ય બેન્કના ડૅબિટ કાર્ડનો ઉપયોગ કરવામાં આવે તો રોકડનો ઉપાડ, બેલેન્સ ચેકિંગ સહિતના દરેક ટ્રાન્ઝેક્શનની ફી વસૂલવામાં આવે છે. આમ અન્ય બેન્કના એટીએમનો ઉપયોગ કરવા માટે ટ્રાન્ઝેક્શન ફી, રોકડના ઉપાડની ફી લેવાય છે. એક બેન્કનો ડૅબિટ કાર્ડ ધારક બીજી બૅન્કના એટીએમનો ઉપયોગ કરીને પૈસાનો ઉપાડ કરે તો તેને માટે એક બેન્કે બીજી બૅન્કના ચાર્જ ચૂકવવો પડે છે. આ ચાર્જને ઇન્ટરચેન્જ ફી તરીકે ઓળખાવવામાં આવે છે. આ ફીનો બોજ ખાતેદારને માથે જ નાખવામાં આવે છે. તેમાં મહિને ત્રણથી પાંચ ફ્રી ટ્રાન્ઝેક્શનની લિમિટ વટાવી જાવ તે પછી ચાર્જ લાગવાનું શરૂ થઈ જાય છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તારમાં મહિને શહેરમાં ત્રણ અને ગામડાંઓમાં પાંચ ટ્રાન્ઝેક્શનની કરવાની છૂટ આપેલી છે. તેનાથી વધુ ટ્રાન્ઝેક્શન થાય તો તેના પર ચાર્જ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેમ જ તમે ડૅબિટ કાર્ડ લઈને વિદેશ ગયા હોવ તો તેવા સંજોગોમાં એટીએમનો ઉપયોગ કરવા માટે વધારની ફી ચૂકવવી પડશે. બેન્કો ડૅબિટ કાર્ડના વપરાશ કરનારાઓ પાસે પણ એન્યુઅલ મેઈન્ટેનન્સ ચાર્જ વસૂલે છે. તદ્દુપરાંત એટીએમના વપરાશનો ચાર્જ પણ અલગથી લે છે. એટીએમ કાર્ડ રિપ્લેસ કરવાનું આવે, ત્યારે પણ રૂ. ૧૦૦થી ૧૫૦નો અલગથી ચાર્જ વસૂલે છે. કેટલાક ડૅબિટ કાર્ડ પર રિલોડિંગ ચાર્જ પણ લેવામાં આવે છે. આ રિલોડિંગ ચાર્જમાં એટીએમ મશીનનો ઉપયોગ કરવાના, અપૂરતું બેલેન્સ હોવા માટેનો, નોન-નેટવર્કના એટીએમનો ઉપયોગ કરવા માટેના ચાર્જનો સમાવેશ થાય છે. ટ્રાન્ઝેક્શનની સ્લિપ નીકળે તેને માટે પણ અલગથી ચાર્જ લે છે. આ ફી અને ચાર્જ પર જીએસટી પણ લગાડવામાં આવે છે. માઈક્રો એટીએમનો ઉપયોગ કરનારાઓ પાસે હાલ આ પ્રકારનો કોઈ ચાર્જ વસૂલવામાં આવતો નથી.

ડિજિટલાઈઝેશન

# ડિજિટલ ટેક્નોલોજીનો પરિચય

આજનો યુગ ડિજિટલ યુગ છે. આપણા દૈનિક જીવનનો લગભગ દરેક પાસો ડિજિટલ ટેક્નોલૉજીથી પ્રભાવિત થયો છે. ચાહે તે સવારે ઊઠીને મોબાઇલમાં સમાચાર જોવા હોય, ઑનલાઇન બેન્કિંગ કરવું હોય, શોપિંગ કરવી હોય, મિત્રો સાથે ચેટિંગ કરવી હોય અથવા ઑફિસનું કામ કરવું હોય, ડિજિટલ ટૅક્નોલૉજી વિના એક પળ પણ ગુજારવી મુશ્કેલ લાગે છે. પરંતુ ડિજિટલ ટૅક્નોલૉજી ખરેખર છે શું? તે કેવી રીતે કામ કરે છે? અને તેના ફાયદા-નુકસાન શું છે? આ લેખમાં આપણે ડિજિટલ ટૅક્નોલૉજીના વિસ્તૃત સંદર્ભમાં જાણકારી મેળવીશું.

**ડિજિટલ ટૅક્નોલૉજી શું છે?**

સરળ શબ્દોમાં કહીએ તો, ડિજિટલ ટૅક્નોલૉજી એ એવી તકનીક છે જે માહિતી (Infromation)ને ડિજિટલ સ્વરૂપમાં રજૂ કરે છે, સંગ્રહિત કરે છે, પ્રક્રિયા કરે છે અને વહેંચે છે. ડિજિટલ સ્વરૂપનો અર્થ છે બાઈનરી સિસ્ટમ, એટલે કે ૦ (શૂન્ય) અને ૧ (એક)ના સંયોજનમાં માહિતીનું પ્રતિનિધિત્વ. આ ૦ અને ૧ ને 'બિટ્સ' (Bits - Binary Digits) કહેવામાં આવે છે. આ બિટ્સના જુદા જુદા સંયોજનથી તમામ પ્રકારની માહિતી જેમ કે ફોટો, ઑડિયો, વિડિયો, પ્રોગ્રામ્સ, વગેરે બનાવી શકાય છે.

**રવિકિરણ આર. મુંધવા**
સી.ઇ.આઇ.
ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,
અમદાવાદ

આનાથી વિપરીત, જૂની એનાલોગ ટૅક્નોલૉજીમાં માહિતીને નિરંતર તરંગો (Continuous Waves)ના રૂપમાં રજૂ કરવામાં આવતી હતી, જેમ કે ઘડિયાળના કાંટા, પારંપરિક રેડિયો સિગ્નલ, અથવા ફિલ્મ કેમેરાનો રોલ.

**ડિજિટલ ટૅક્નોલૉજીના મુખ્ય ઘટકો :**

ડિજિટલ ટૅક્નોલૉજીની રચના અને કામગીરી મુખ્યત્વે નીચેના ઘટકો પર આધારિત છેઃ

**૧. હાર્ડવેર (Hardware):**

હાર્ડવેર એટલે કોમ્પ્યુટરના એવા ભાગો કે જેને આપણે અડી શકીએ છીએ, જોઈ શકીએ છીએ અને અનુભવી શકીએ છીએ. માનો કે, આપણું શરીર જેમ હાથ, પગ, માથું અને મગજથી બનેલું છે, તેમ કોમ્પ્યુટરનું શરીર પણ ઘણા ભાગોથી બનેલું છે.

આ કોમ્પ્યુટરના શરીરના દરેક ભાગનું એક ખાસ કામ હોય છે. ચાલો, આ બધા ભાગોને એક પછી એક સમજીએ.

સૌથી પહેલા વાત કરીએ કોમ્પ્યુટરના મગજની. હા, કોમ્પ્યુટરને પણ મગજ હોય છે, જેને આપણે સી.પી.યુ. (સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ) કહીએ છીએ. આ મગજ જ બધી ગણતરીઓ કરે છે, બધા નિર્ણયો લે છે અને કોમ્પ્યુટરના બીજા બધા ભાગોને કહે છે કે શું કરવાનું છે? જ્યારે આપણે કોમ્પ્યુટરમાં કોઈ પણ કામ કરીએ, જેમ કે કોઈ પ્રોગ્રામ ખોલીએ કે ગણતરી કરીએ, ત્યારે સી.પી.યુ. જ એ કામ કરે છે. જો સી.પી.યુ. ન હોય, તો કોમ્પ્યુટર ખાલી એક ડબ્બો જ રહે.

આ મગજને કામ કરવા માટે થોડી જગ્યા જોઈએ, જ્યાં તે કામચલાઉ રીતે માહિતી રાખી શકે. આ જગ્યાને રેમ (રેન્ડમ એક્સેસ મેમરી) કહેવાય છે. જ્યારે આપણે કોમ્પ્યુટરમાં કોઈ પણ કામ કરતા હોઈએ, ત્યારે તે માહિતી રેમમાં સચવાય છે. પણ યાદ રાખજો, રેમ અસ્થાયી હોય છે. એટલે કે, જ્યારે કોમ્પ્યુટર બંધ થાય છે, ત્યારે રેમમાં રહેલી બધી માહિતી ભૂંસાઈ જાય છે. જેટલી વધારે રેમ હોય, એટલું જ કોમ્પ્યુટર વધારે ઝડપી કામ કરે. જેમ કે, આપણે કોઈ કામ કરતા હોઈએ અને બાજુમાં આપણી બધી જરૂરી વસ્તુઓ રાખીએ, જેથી ઝડપથી કામ થઈ શકે, તેમ જ રેમ કામ કરે છે.

પરંતુ, જો આપણે માહિતીને કાયમ માટે સાચવી રાખવી હોય, તો શું? એના માટે આવે છે સ્ટૉરેજ ડિવાઇસ. આ સ્ટૉરેજ ડિવાઇસ આપણા ઘરના કબાટ જેવું છે, જ્યાં આપણે આપણી બધી વસ્તુઓ સાચવીને રાખીએ છીએ. કોમ્પ્યુટરમાં બે પ્રકારના મુખ્ય સ્ટૉરેજ ડિવાઇસ હોય છેઃ હાર્ડ ડિસ્ક અને એસ.એસ.ડી. (સોલિડ સ્ટેટ ડ્રાઇવ). હાર્ડ ડિસ્ક જૂની ટૅક્નોલૉજી છે, જેમાં ફરતી ડિસ્કમાં ડેટા સંગ્રહ થાય છે, જ્યારે એસ.એસ.ડી. નવી અને વધુ ઝડપી ટૅક્નોલૉજી છે. આમાં સંગ્રહ કરેલી માહિતી કોમ્પ્યુટર બંધ થયા પછી પણ સચવાયેલી રહે છે.

હવે, કોમ્પ્યુટરને આ બધા ભાગોને એકબીજા સાથે જોડવા માટે એક બોર્ડની જરૂર પડે છે, જે એક સર્કિટ જેવું હોય છે. આને આપણે મધરબોર્ડ કહીએ છીએ. મધરબોર્ડ કોમ્પ્યુટરના શરીરનું કરોડરજ્જુ સમાન છે. સી.પી.યુ., રેમ, સ્ટૉરેજ અને બીજા બધા ભાગો મધરબોર્ડ સાથે જ જોડાયેલા હોય છે. તે બધા ભાગો વચ્ચે માહિતીની આપ-લે કરાવે છે.

આમ, કોમ્પ્યુટરના બધા હાર્ડવેર ભાગો એકબીજા સાથે મળીને કામ કરે છે.

**૧. સૉફ્ટવેર (Software):**

સોફ્ટવેર એ કોમ્પ્યુટરનો જીવ છે. એના વગર કોમ્પ્યુટર ખાલી એક ડબ્બો જ કહેવાય. તમે સોફ્ટવેરને અડી નથી શકતા કે જોઈ પણ નથી શકતા, એ તો કોમ્પ્યુટરની અંદર રહેલી એક એવી શક્તિ છે જે હાર્ડવેરને કહે છે કે શું કરવાનું છે ?

એક ઉદાહરણથી સમજીએ. ધારો કે તમારી પાસે એક ખાલી ઘર છે, જેમાં બધી વસ્તુઓ છે જેમ કે ફર્નિચર, લાઇટ, પંખા, વગેરે. આ બધી વસ્તુઓ હાર્ડવેર જેવી છે. પણ જો કોઈ એ ઘરમાં રહીને એને વાપરવાવાળું ન હોય, તો એ ઘર ખાલી એક ડબ્બો જ છે. જે માણસ એ ઘરમાં રહે છે અને એને વાપરે છે, એ માણસ સોફ્ટવેર જેવો છે. એ માણસ જ નક્કી કરે છે કે લાઇટ ક્યારે ચાલુ કરવી, ક્યારે બંધ કરવી, કયો રૂમ ક્યારે વાપરવો. એ જ રીતે, સોફ્ટવેર કોમ્પ્યુટરને કહે છે કે કયું કામ ક્યારે અને કેવી રીતે કરવું. સોફ્ટવેરના મુખ્ય બે ભાગ હોય છે:

**૧. ઑપરેટિંગ સિસ્ટમ:**

કોમ્પ્યુટર ચાલુ થાય ત્યારે સૌથી પહેલા આ સોફ્ટવેર ચાલુ થાય છે. તમે જે Windows (વિન્ડોઝ), macOS કે પછી ફોનમાં જે એન્ડ્રોઇડ વાપરો છો, એ બધુ ઑપરેટિંગ સિસ્ટમ છે. આ ઓપરેટિંગ સિસ્ટમ જ કોમ્પ્યુટરના બધા ભાગોને સાચવીને રાખે છે અને એને બરાબર રીતે કામ કરવા દે છે. એના વગર તમે કોઈ બીજું સૉફ્ટવેર વાપરી જ ન શકો. આ એક પ્રકારનો મેનેજર છે, જે આખા કોમ્પ્યુટરને સંભાળે છે.

**૨. ઍપ્લિકેશન સૉફ્ટવેર:**

આ એવા સૉફ્ટવેર છે જે આપણે આપણા ખાસ કામ કરવા માટે વાપરીએ છીએ. જેમ કે, જો આપણે કંઈક લખવું હોય તો આપણે MS Word વાપરીએ છીએ. જો ઈન્ટરનેટ વાપરવું હોય તો Google Chrome fu Firefox જેવું બ્રાઉઝર વાપરીએ છીએ. ફોટાને સારા બનાવવા હોય તો Photoshop જેવાં સૉફ્ટવેર વાપરીએ. આ બધા જ એપ્લિકેશન સૉફ્ટવેર કહેવાય છે. આ સોફ્ટવેર આપણે ઑપરેટિંગ સિસ્ટમ પર ચલાવીએ છીએ અને આપણું કામ સરળતાથી કરી શકીએ છીએ.

તો, બસ આટલું જ છે. કોમ્પ્યુટરમાં હાર્ડવેર એ શરીર છે અને સોફ્ટવેર એ એનો જીવ છે, આ બંને એકબીજા વગર અધૂરા છે.

**૩. નેટવર્ક (Network):**

નેટવર્ક એ બે કે તેથી વધુ ઉપકરણોને એકબીજા સાથે જોડતી એક વ્યવસ્થા છે, જેનો

મુખ્ય હેતુ માહિતી અને સંસાધનોની આપ-લે કરવાનો છે. આ ઉપકરણોને ‘નોડ્સ’ કહેવામાં આવે છે, અને તે કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્માર્ટફોન, સર્વર અથવા અન્ય કોઈ ડિજિટલ ડિવાઈસ હોઈ શકે છે. ઇન્ટરનેટ એ નેટવર્કસનું પણ નેટવર્ક છે, જે વિશ્વભરના અબજો ઉપકરણોને જોડે છે. તે કોઈ એક વ્યક્તિ કે સંસ્થાના નિયંત્રણમાં નથી, પરંતુ વિવિધ નાના નેટવર્કસ (જેમ કે LAN, MAN, WAN)ના જોડાણથી બનેલું છે. ઇન્ટરનેટ દ્વારા આપણે માહિતી મોકલી, મેળવી અને શેર કરી શકીએ છીએ, પછી ભલે તે દુનિયાના કોઈપણ ખૂણે હોય.

**ડિજિટલ ઉપકરણોને જોડવા માટે મુખ્યત્વે બે પ્રકારની ટૅકનોલોજીનો ઉપયોગ થાય છે**

- **વાયર નેટવર્ક**
- **ઓપ્ટિકલ ફાઈબર:**

આ કેબલ કાચ અથવા પ્લાસ્ટિકના બનેલા હોય છે અને પ્રકાશના પલ્સ દ્વારા ડેટાનું પ્રસારણ કરે છે. તે અત્યંત ઝડપી અને વિશાળ માત્રામાં ડેટાનું વહન કરી શકે છે, તેથી ઇન્ટરનેટની કરોડરજ્જુ (Backbone)માં તેનો ઉપયોગ થાય છે

**ઈથરનેટ કેબલ:**

આ કેબલનો ઉપયોગ સામાન્ય રીતે LAN (લોકલ એરિયા નેટવર્ક) માં કોમ્પ્યુટર્સ, રાઉટર્સ અને સ્વીચ જેવા ઉપકરણોને જોડવા માટે થાય છે. તે ખૂબ જ સ્થિર અને ઝડપી જોડાણ પ્રદાન કરે છે.

**વાયરલેસ નેટવર્ક (Wireless Network)**

Wi-Fi: આ ટેકનોલોજીનો ઉપયોગ વાયરલેસ LAN બનાવવા માટે થાય છે, જે ઘરો, ઑફિસો અને સાર્વજનિક સ્થળોએ ઇન્ટરનેટ ઍક્સેસ પ્રદાન કરે છે.

**બ્લુટૂથ:**

આ ટૂંકા અંતર માટેની વાયરલેસ ટૅક્નોલોજી છે, જેનો ઉપયોગ હેડફોન, સ્પીકર્સ અને અન્ય નાના ઉપકરણોને જોડવા માટે થાય છે.

**4G/5G:**

આ સેલ્યુલર નેટવર્ક ટેકનોલોજી છે, જે મોબાઈલ ફોન અને અન્ય પોર્ટેબલ ઉપકરણોને ઇન્ટરનેટ સાથે જોડે છે. 5G એ 4G કરતાં અનેક ગણી વધુ ઝડપી ગતિ અને ઓછી લેટન્સી (વિલંબ) આપે છે.

**૩. ડેટા (Data):**

ડિજિટલ ટૅક્નોલૉજીનો આધાર ડેટા છે. દરેક સંદેશો, ફોટો, વિડિયો, લાઇક, શેર, ખરીદી એ તમામ ડેટાના રૂપમાં છે જેનું વિશ્લેષણ, સંગ્રહ અને ઉપયોગ થાય છે.

**સંદેશોઃ**

તમે મોકલો છો તે દરેક ટેક્સ્ટ, ઈમેલ, અથવા વોટ્સએપ મેસેજ એ ડેટા છે.

**ફોટો/વિડિયોઃ**

તમે કેમેરાથી લીધેલો ફોટો અથવા રેકોર્ડ કરેલો વીડિયો એ ડેટા છે. આ ડેટામાં માત્ર ચિત્ર જ નહીં, પરંતુ ફોટો ક્યારે અને કયા સ્થળે લીધો તેની માહિતી પણ હોય છે.

**લાઈક/શેરઃ**

સોશિયલ મીડિયા પર તમે કોઈ પોસ્ટને 'લાઈક' કરો અથવા 'શેર' કરો, તે પણ ડેટા છે. આ ડેટાનો ઉપયોગ કંપનીઓ તમારી પસંદગીઓ સમજવા માટે કરે છે.

**ખરીદીઃ**

ઓનલાઈન શોપિંગ વેબસાઈટ પર તમે કરેલી દરેક ખરીદી, જોયેલી પ્રોડક્ટ્સ અને સર્ચ હિસ્ટ્રી એ ડેટા છે. આ ડેટાનો ઉપયોગ તમને ભવિષ્યમાં સંબંધિત પ્રોડક્ટ્સ બતાવવા માટે થાય છે.

**ડેટાના વિશ્લેષણથી મળેલા તારણોનો ઉપયોગ જુદા જુદા હેતુઓ માટે થાય છેઃ**

**વ્યવસાયિક નિર્ણયોઃ**

કંપનીઓ ડેટાનો ઉપયોગ કરીને માર્કેટિંગ વ્યૂહરચના બનાવવા, પ્રોડક્ટ્સ સુધારવા અથવા ગ્રાહકોને વધુ સારી સેવા આપવા માટે નિર્ણયો લે છે.

**વ્યક્તિગત અનુભવઃ**

વેબસાઈટ્સ અને એપ્સ તમારા ડેટાનો ઉપયોગ કરીને તમને વ્યક્તિગત કરેલા સૂચનો (જેમ કે Netflix પર મૂવીઝ) અને જાહેરાતો બતાવે છે.

**આરોગ્ય સંભાળઃ**

આરોગ્ય ક્ષેત્રમાં ડેટાનો ઉપયોગ રોગોની અસરકરતાને સમજવા અથવા દર્દીઓની સારવારમાં સુધારો કરવા માટે થાય છે.

**નિષ્કર્ષ**

આજના યુગમાં ડિજિટલ ટેક્નોલોજી આપણા જીવનનો અવિભાજ્ય ભાગ બની ગઈ છે. તે શિક્ષણ, આરોગ્ય, વેપાર, મનોરંજન અને દૈનિક જીવનના દરેક ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહી છે. હાર્ડવેર, સૉફ્ટવેર, નેટવર્ક અને ડેટાના સુમેળથી ડિજિટલ ટૅક્નોલૉજી આપણું કામ સરળ, ઝડપી અને અસરકારક બનાવે છે. જો કે, તેના યોગ્ય અને જવાબદારીપૂર્ણ ઉપયોગથી જ આપણે તેના તમામ ફાયદાનો લાભ લઈ શકીશું અને ભવિષ્યને વધુ સુખદ બનાવી શકીશું.

યોગદર્શન

# યોગાસન અભ્યાસમાં રાખવાની સાવચેતી અને કાળજી

યોગદર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિએ યોગસૂત્ર'માં સાધનપાદનાં સૂત્ર નંબર ૨૯માં અષ્ટાંગયોગની વાત કરી છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણ, ધ્યાન અને સમાધિ આ અષ્ટાંગ યોગના આઠ પગથિયાં કે સોપાન છે. તેમાં યમ અને નિયમ એ ચારિત્ર્યના પાયા છે. યમનિયમના પાલનથી જ વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ શકય છે. યમનિયમના પાલન, આધાર વગર કરવામાં આવતો આસનનો અભ્યાસ માત્ર અંગ કસરત કે સરકસનો ખેલ બની રહે છે! સાધકમાં શિસ્ત, શ્રદ્ધા, ધીરજ, ખંત અને ઉત્સાહ હોય તો આસન અભ્યાસ સાર્થક બની રહે. આસનાભ્યાસ નિયમિત અને ધગશપૂર્વક કરવામાં આવે તો, ધાર્યું પરિણામ મળ્યા વગર રહે જ નહીં. આસન શરીરની સ્થિરતા માટે છે. શરીર સ્થિર થયા પછી મનની એકાગ્રતા સધાય અને ધ્યાનાવસ્થાની અનુભૂતિએ પહોંચી શકાય છે.

**કિરણ ચાંપાનેરી (યોગ સાધક)**
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ - ૪૬
મો. ૯૬૬૨૮૩૩૨૬૮

આસનના અભ્યાસ કરતાં પહેલાં પેટ અને મૂત્રાશય ખાલી, સાફ હોવા જોઈએ. યોગ આસન અભ્યાસ ખાલી પેટે કરવો જોઈએ. પરંતુ કોઈને કબજિયાત રહેતી હોય કે આસન કરતાં પહેલાં મળ વિસર્જન થઈ શકયું ન હોય.તેમણે ઊંધી કે ચત્તી સ્થિતિવાળા આસનો કરવા જોઈએ. જેમાં શિર્ષાસન, સર્વાંગાસન કે તેને મળતા આસનોથી પ્રારંભ કરવો જોઈએ. અને પછી બીજાં આસનો મળ વિસર્જન થયા પછી કરવા. જેમનું પેટ સાફ ન રહેતું હોય તો અઘરાં આસનો કરવા જોઈએ નહીં.

આસન અભ્યાસ પહેલાં અને પછી પંદરેક મિનિટે સ્નાન કરવું જોઈએ. સ્નાન કર્યા પછી આસનો કરવામાં સરળતા રહે છે. આસન અભ્યાસ દરમ્યાન પરસેવો થવાથી શરીર ચીકણું થઈ જાય છે. તેથી આસન કર્યા પછી પંદર મિનિટે સ્નાન કરવું હિતકારી છે. બન્ને વખતે સ્નાન કરવાથી શરીર અને મન પ્રફૂલિત રહે છે. આસનો ખાલી પેટે, ભૂખ્યા પેટે કરવા. ભારે ખોરાક લીધો હોય તો ચાર કલાક પછી જ આસનો કરવા જોઈએ. ચા, દૂધ, શરબત કે જ્યૂસ લીધા પછી એકાદ કલાકે આસન કરી શકાય.

આસન અભ્યાસ માટે પ્રાતઃકાળ કે સંધ્યાકાળ અતિ ઉત્તમ સમય છે. સવારે કરેલા આસનથી આખા દિવસની પ્રવૃત્તિ સારી રીતે થઇ શકે છે. આખો દિવસ આનંદમય રીતે પસાર થાય છે. સાંજે આસનો કરવામાં આવે તો દિવસભરનો થાક ઊતરી જાય છે. આસનાભ્યાસથી મન શાંત અને પ્રફૂલ્લિત રહે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વરતાય છે. કઠિન, કષ્ટસાધ્ય, અઘરાં આસનો સવારે કરવા જોઇએ. શિર્ષાસન, સર્વાંગાસન, પશ્ચિમોત્તાનાસન જેવા સ્ફૂર્તિદાયક આસનો સાંજે કરવાં. લાંબો સમય તડકામાં રહ્યાં પછી તરત આસનો કરવા જોઇએ નહીં.

આસન અભ્યાસ કેવા સ્થાને કઇ રીતે કરવાનું માર્ગદર્શન શ્રીમદ્ ભગવદગીતાના છઠ્ઠા અધ્યાયમાં આ પ્રમાણે આપ્યું છે :

**શુચૌ દેશે પ્રતિષ્ઠાપ્ય સ્થિરમાસનમાત્મનઃ,**
**નાત્યુચ્છ્રિતં નાતિનીચં ચૈલાજિનકુશોત્તરમ્. ॥૧૧॥**
**તત્રૈકાગ્રં મનઃ કૃત્વા યતચિત્તેન્દ્રિયક્રિયાઃ,**
**ઉપવિશ્યાસને યુંજ્યાદ્યોગમાત્મવિશુદ્ધયે. ॥૧૨॥**

એટલે કે - પવિત્ર ભૂમિ પર કે જેના ઉપર ક્રમ પ્રમાણે દર્ભ, મૃગ ચર્મ અને વસ્ત્ર પાથરેલાં છે, તેમજ ન ઘણા ઊંચા અને ન ઘણા નીચા એવા પોતાના આસનને સ્થિરરૂપે સ્થાપીને, એ આસન પર બેસીને ચિત્ત અને ઇન્દ્રિયોની ક્રિયાઓને વશમાં રાખી, મનને એકાગ્ર કરીને, અંતઃકરણની શુદ્ધિ માટે યોગનો અભ્યાસ કરે. (શ્રીમદ્ભગવદ્ગીતા અ.૬-૧૧, ૧૨). આસન અભ્યાસ હવા ઉજાશવાળા સ્થળે કરવા જોઇએ. જે જગ્યા જંતુ રહિત, ઘોંઘાટ રહિત હોય, શાંત અને સ્વચ્છ, મનને પ્રસન્નતા આપે તેવા સ્થાને આસન અભ્યાસ કરવો જોઇએ. શહેરી વિસ્તારોમાં બહુમાળી મકાનોમાં રહેતા હોય તો ઘરની ગેલેરી,જો શક્ય હોય તો ધાબા ઉપર કે નજીકનાં નગરપાલિકા, મહાપાલિકાના બગીચામાં જઇને આસન અભ્યાસ કરી શકાય. કાંકરા, કાંટાં વગરની સમતલ ભૂમિ ઉપર શેતરંજી, કામળો, ચટાઇ કે યોગામેટ પાથરી તેના ઉપર આસનો કરવા જોઇએ.

આસન અભ્યાસ દરમ્યાન શરીર સક્રિય અને પ્રવૃત્ત રહે છે. મન આ સમયે નિવૃત્ત છતાં જાગૃત અને સાવધ રહેવું જોઇએ. મન વિચારોના વમળમાં પરોવાયેલું હોય તો આસનમાં થતી ભૂલ જોઇ શકાતી નથી. તેથી આસનાભ્યાસમાં અસરકારતા આવશે નહીં. દરેક આસન કરતી વખતે નાક દ્વારા જ શ્વાસોશ્વાસની ક્રિયા થવી જોઇએ. ફૂગ્ગાનાં ઉદાહરણથી શ્વાસોશ્વાસની ક્રિયાને

સરળતાથી સમજીએ. જ્યારે ફૂગ્ગામાં હવા ભરાય છે ત્યારે તે ફૂલે છે અને ફૂગ્ગામાંથી હવા બહાર નીકળે છે ત્યારે ફૂગ્ગો સંકોચાય છે. તેવી જ રીતે જ્યારે શ્વાસ લઇએ ત્યારે ફેફસા ફૂલે, છાતી ફૂલે છે અને શ્વાસ બહાર કાઢીએ ત્યારે ફેફસા સંકોચાય છે. આમ જ્યારે આસન અભ્યાસ વખતે શરીરનું વિસ્તરણ થાય ત્યારે શ્વાસ લેવાનો અને શરીરનું સંકોચન થાય ત્યારે શ્વાસ બહાર કાઢવાનો. થોડા દિવસોના આસન અભ્યાસ બાદ શ્વાસોશ્વાસની ક્રિયાનો તાલમેલ સધાય જાય છે.

આસન કરતી વખતે કે આસનમાં સ્થિર થયા પછી શ્વાસ રોકવો નહીં. જુદાં જુદાં આસનો વખતે શ્વાસોશ્વાસની ક્રિયા અંગેના સૂચનોનું પાલન કરવું જોઇએ. આસન અભ્યાસ પછી દસથી પંદર મિનિટ શવાસન કરવાથી થાક દૂર થશે અને હળવાફૂલ થઇ જવાશે. જો પ્રાણાયામ કરવાનો હોય તો પંદરથી ત્રીસ મિનિટ પ્રાણાયામ કર્યા પછી શવાસન કરવું જોઇએ.

**સાવચેતી અને કાળજી :**

જેમને લોહીનું ઊંચુ દબાણ (હાઇ બી.પી.)ની કે ચક્કરની સમસ્યા હોય તેમણે પહેલાં પશ્ચિમોત્તાનાસન, ઉત્તાનાસન અને અધોમુખ શ્વાનાસન કરવા જોઇએ છે, તે પછી શીર્ષાસન, સર્વાંગાસન જેવાં આસનો કરવા જોઇએ.જેમને હાઇ બી.પી. કે લો બી.પી. હોય તેમના માટે આગળ વળવાના એટલે કે ફોર્વર્ડ બેન્ડીંગના આસનો ફાયદાકારક રહેશે. કાનમાં પરું થતું હોય કે આંખનો પડદો (રેટિના) ખસી ગયો હોય તેમણે વિપરિત સ્થિતિનાં શીર્ષાસન, સર્વાંગાસન, વિપરિતકરણી જેવાં આસનો ન કરવાં.

મહિલાઓએ ઋતુસ્ત્રાવ દરમ્યાન આસન અભ્યાસ ન કરવો જોઇએ. શિર કે માથા ઉપર ઊભા રહેવાના આસન ન કરવા જોઇએ. પરંતુ જો સ્ત્રાવ વધારે પ્રમાણમાં થતો હોય તો તેના ઉપાય માટે ઉપવિષ્ઠ કોણાસન, બદ્ધ કોણાસન, વીરાસન, જાનુશીર્ષાસન, પશ્ચિમોત્તાન આસન અને ઉત્તાનાસન કરવાથી લાભ થાય છે.

મહિલાઓએ ગર્ભાવસ્થાના પહેલા ત્રણ માસ દરમ્યાન કોઇ પણ પ્રકારના આસન કરી શકાય છે. પણ ધીમે ધીમે ઊભા થવું અને વાંકા વળવું જોઇએ. પેટ ઉપર દબાણ આવવું જોઇએ નહીં તેનું ખાસ ધ્યાન

રાખવું. ઉપવિષ્ઠ કોણાસન અને બદ્ધ કોણાસન સગર્ભાવસ્થા દરમ્યાન કરી શકાય છે. આ બન્ને આસનો પેઢુના સ્નાયુઓ મજબૂત કરે છે અને પ્રસવપીડાને હળવી કરશે.સમગ્ર સગર્ભાવસ્થા દરમ્યાન કુંભક સિવાયના પ્રાણાયામ હિતકારી બની રહે છે. નિયમિત ધીમા ઊંડા શ્વાસ લેવાથી પ્રસવ દરમ્યાન રાહત મળે છે. પ્રસુતિ બાદ એક મહિના સુધી કોઈપણ આસન કરવા નહીં. એક માસ પછી હળવા આસનોથી શરૂઆત કરવી અને ત્રણ માસ બાદ દરેક આસન સરળતાથી કરી શકાય છે.

ખોટી રીતે આસનો કરવાથી થોડા દિવસમાં બેચેની અને અગવડતા અનુભવાશે. એટલે આસન અભ્યાસમાં નિપૂણ હોય તેમનાં માર્ગદર્શન હેઠળ યોગ્ય રીતે અભ્યાસ  કરવો જોઈએ. એમાંય કોઈ રોગના ઉપચારમાં આસનનો અભ્યાસ કરતા હોઈએ, ત્યારે તો ખાસ કાળજી રાખવી જોઈએ. નહીંતર ‘બકરું કાઢતા ઊંટ પેસવા’ જેવું થાય... યોગ્ય પધ્ધતિએ આસનો કરવાથી શરીર, મન અને આત્માની એકાગ્રતાની અનુભૂતિ થશે.

આસન અભ્યાસથી સાધકના દષ્ટિબિંદુમાં પરિવર્તન આવે છે અને સાધક એક નવો જ માનવી બની જાય છે! આસન ઉપર પ્રભુત્વ મેળવ્યા પછી તો કોઈ પણ જાતની તકલીફ વગર સરળતાથી આસનો કરી શકાય છે. આસન અભ્યાસથી સાધક અંતઃદર્શન કરે છે. સર્વત્ર ઈશ્વરની ઉપસ્થિતિનો અહેસાસ થવા માંડે છે. બધાં આસનો પરમાત્માને શરણે સમર્પિત કરી સાધક પરમાત્માનાં વિવિધ રૂપોનાં દર્શન પામે છે !... ઓમ... ઓમ...

**આસન અભ્યાસ દરમ્યાન શરીર સક્રિય અને પ્રવૃત્ત રહે છે. મન આ સમયે નિવૃત્ત છતાં જાગૃત અને સાવધ રહેવું જોઈએ. મન વિચારોના વમળમાં પરોવાયેલું હોય તો આસનમાં થતી ભૂલ જોઈ શકાતી નથી. તેથી આસનાભ્યાસમાં અસરકારતા આવશે નહીં. દરેક આસન કરતી વખતે નાક દ્વારા જ શ્વાસોશ્વાસની ક્રિયા થવી જોઈએ.**

કૃષિજગત

# સહકારી ખેતી

આજના આધુનિક અને ટૅક્નોલોજીથી ભરપૂર યુગમાં પણ ભારતના મોટાભાગના ખેડૂતો માટે ખેતી કરવી એ એક મોટો પડકાર છે. મોંઘવારી, બદલાતી આબોહવા અને બજારના અસ્થિર ભાવ જેવી અનેક સમસ્યા તેમને ઘેરી વળે છે. ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતો, જેઓ દેશના કૃષિ ક્ષેત્રનો મોટો ભાગ છે. આ પડકારોનો સામનો તેઓ એકલા હાથે કરી શકતા નથી. મોંઘા બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ અને આધુનિક યંત્રો ખરીદવા માટે તેમની પાસે પૂરતા સંસાધનો નથી હોતા. પરિણામે ખેતીનો ખર્ચ વધતો જાય છે, જ્યારે આવક ઘણીવાર અનિશ્ચિત હોય છે. આ પરિસ્થિતિમાં એકલા સંઘર્ષ કરવાને બદલે, સાથે મળીને કામ કરવું એ એક આશાનું કિરણ બનીને ઊભરી આવે છે અને આજ એકતાનું બળ એટલે ''સહકારી ખેતી''.

ગુજરાત એ ભારતનું એક મહત્વનું કૃષિ રાજ્ય છે. અહીંની આર્થિક વ્યવસ્થામાં ખેતીનો મોટો હિસ્સો છે. અને રાજ્યની અડધા કરતાં વધારે વસ્તી ખેતી અને ડેરી ઉદ્યોગ પર આધારિત છે. ગુજરાતનું હવામાન અર્ધ શુષ્ક હોવા છતાં ખેડૂતોની મહેનત, નર્મદા કેનાલ પ્રોજેક્ટ, સરદાર સરોવર ડૅમ, કુવા, બોરવેલ અને ચેક ડેમ ખેડૂતોને પાણી પૂરું પાડે છે. આજે ઘણા ખેડૂતો ડ્રીપ સિંચાઈ, ગ્રીન હાઉસ ફાર્મિંગ અને ઑર્ગેનિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે. ગુજરાતની ખેતી પરંપરાગત જ્ઞાન અને આધુનિક તકનીકનું અનોખુ સંમિશ્રણ છે. ખેડૂતોની મહેનત અને સરકારી યોજનાઓને કારણે રાજ્ય કૃષિ ક્ષેત્રે સતત આગળ વધી રહ્યું છે. પરંતુ નાના અને સીમાંત ખેડૂતો માટે ખેતીમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી થાય છે જેમ કે મૂડીનો અભાવ, મોંઘા ખાતર-બીજની સમસ્યા, સિંચાઈની અછત, પાકનું યોગ્ય ભંડારણ ન હોવું અને પાકને યોગ્ય ભાવ ન મળવો. આ તમામ મુશ્કેલીનો ઉકેલ લાવવા માટે આજના સમયમાં ખેડૂતો માટે એક જ ઉપાય છે એ છે ''સહકારી ખેતી''

**સ્નેહા ટી. જૈન**
મહિલા સી.ઈ.આઈ.
ભાવનગર જિલ્લા સહકારી સંઘ, ભાવનગર

- **સહકારી ખેતી એટલે શું ?**

સહકારી ખેતી એટલે ખેડૂતોનું એક જૂથ જે પોતાની જમીન, સાધનો, શ્રમ, ભેગા કરીને સાથે મળીને ખેતી કરે છે. આ જૂથના સભ્યો નફા અને નુકસાનની ભાગીદારી કરે છે. આમાં દરેક સભ્ય પોત પોતાની જમીનનો માલિક રહે છે. પરંતુ ખેતીનું કામ સામૂહિક રીતે થાય છે. સહકારી ખેતીમાં

બધા ખેડૂતો "એકલા માટે નહીં બધાના હિત માટેના" સિદ્ધાંતને અનુસરવા સંયુક્ત પ્રયત્ન કરે છે.

- **સહકારી ખેતીના ઉદ્દેશોઃ**
- નાના ખેડૂતોને એકજૂથ કરીને તેમને સશક્ત બનાવવા.
- વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા આધુનિક ખેતી વિકસાવવી.
- ખાતર, બીજ, દવા, વગેરેનો સહયોગથી પુરવઠો કરવો.
- ખેતીમાંથી વધારાનો નફો મેળવી, દરેક સભ્યો વચ્ચે ન્યાયપૂર્ણ વહેંચણી કરવી
- કૃષિ ઉત્પાદન વધારી રાષ્ટ્રીય આર્થિક વિકાસમાં યોગદાન આપવું.
- **સહકારી ખેતીના ફાયદા :**
- **ઉત્પાદકતા વધે છે :** એકસાથે ખેતી કરવા બદલ જમીન, પાણી અને મજૂરીનો યોગ્ય ઉપયોગ થાય છે.
- **ખર્ચમાં બચત :** ખાતર, બીજ, દવા અને મશીનરી સહકારી રીતે ખરીદવાથી ખર્ચ ઘટે છે.
- **આધુનિક્તા અપનાવવી સરળ બને છે :** ટ્રેક્ટર, સિંચાઇ સાધનો જેવી મોંઘી મશીનરી વ્યક્તિગત ખેડૂત ખરીદી શકતો નથી, પરંતુ સહકારિતાથી શક્ય બને છે.
- **પાકને યોગ્ય ભાવ મળે છે :** ઉત્પાદનને સહકારી મંડળીઓ દ્વારા સીધું બજારમાં વેચી યોગ્ય ભાવ મેળવી શકાય છે
- **સામાજિક એકતા :** સહકારી ખેતી ગામમાં ભાઈચારો અને સહકારની ભાવના વધારે છે.

- **સહકારી ખેતીના પ્રકારો :**
- **સાધન સહકારી ખેતી :** (Cooperative Joit Farming): ખેડૂતો પોતાના સાધનો, મશીનરી, ખાતર, બીજ, વગેરે સંયુક્ત રીતે વાપરે છે, પરંતુ જમીન અલગ અલગ જ રહે છે.
- **વ્યવસ્થાપન સહકારી ખેતી :** (Cooperative Management Farming): ખેડૂતો જમીન સંયુક્ત રીતે આપી દે છે. ખેતી એક સાથે થાય છે પણ માલિકી હક ખેડૂત પાસે જ રહે છે.
- **સંપૂર્ણ સહકારી ખેતી** (Collective Farming) : જમીન અને સાધનો બધું જ સહકારી સંસ્થાઓ પાસે હોય છે, ખેડૂતો ફક્ત સભ્ય બની પગાર કે ભાગીદારીના આધારે કામ કરે છે.
- **લિઝ આધારિત સહકારી ખેતી :** ખેડૂતો જમીન ભાડે લઈને સંયુક્ત ખેતી કરે છે.

- **સહકારી ખેતીની ખામીઓ :**
- બધા ખેડૂતો વચ્ચે મતભેદ ઊભા થાય તો ખેતી અસરગ્રસ્ત બને છે.
- કેટલીક વાર આળસુ સભ્યો કામ ન કરતાં હોવાથી મહેનતુ સભ્યોને નુકસાન થાય છે.
- સંચાલનમાં બેદરકારી કે ભ્રષ્ટાચાર થવાથી સહકારી ખેતી નિષ્ફળ જાય છે.

**સહકારી ખેતીમાં આપણે નવું શું કરી શકીએ?**

- ડ્રોન દ્વારા ખાતર અને દવાનો છંટકાવ કરવો.
- સેન્સર આધારિત સ્માર્ટ સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરવો.
- ટ્રેક્ટર, થ્રેસર, કાપણી મશીન વગેરે ખરીદવા
- ઉપજનું વેચાણ કરતા તેનું પ્રૉસેસિંગ જેમકે, ઘઉંમાંથી લોટ બનાવવો, ડુંગળીમાંથી તેનો પાવડર બનાવવો, જમીનફળ એટલે કે મગફળી જેવા તેલીબિયાંમાંથી તેલ બનાવવું.
- સૌર ઉર્જા આધારિત પંપનો ઉપયોગ કરવો.
- સહકારથી બ્રાન્ડ બનાવી આંતર રાષ્ટ્રીય બજારમાં વેચાણ કરી શકાય.

અમેરિકાના એક જાણીતા ઉદ્યોગપતિ રોક ફેલરે ભારતની ખેતી પ્રવૃત્તિ વિશે જણાવ્યું હતું કે “ભારત પાસે વિશાળ જમીન, મહેનતું ખેડૂતો અને વૈજ્ઞાનિક શક્તિ છે. જો આધુનિક વિજ્ઞાન સાથે પરંપરાગત મહેનત જોડાય તો ભારત દુનિયાને ખવડાવી શકે છે.” તેમનું કહેવું છે કે, કૃષિના વિકાસ વિના ગરીબી દૂર થઈ શકતી નથી. આમ વૈશ્વિક ક્ષેત્રે પણ લોકોનું માનવું છે કે, કૃષિ વિકાસ માટે ભારત ખૂબ જ વિકાસ કરી શકે છે. પરંતુ નાના અને સીમાંત ખેડૂતો પાસ ટેક્નોલૉજીનાં અભાવે, તેઓ જો સહકારી ખેતી અપનાવે તો તેમની ઘણી સમસ્યાઓ દૂર થઈ શકે છે

**FPO (Farmer Producer Organisation)** યોજના દ્વારા સરકાર પણ સહકારી ખેતીને પ્રોત્સાહન આપે છે. તથા PACS (Primary Agriculture Credit Societies) ખેડૂતોને ખાતર, બીજ તથા બીજી જરૂરી સેવાઓ ઉપલબ્ધ કરાવીને સહકારી ખેતીને પ્રોત્સાહન આપે છે. જ્યારે સહકારિતાનું સૌથી મોટું ઉદાહરણ IFFCO તથા KRIBHCO એ ખેડૂતોને ખાતર ઉપલબ્ધ કરાવતું વિશ્વનું સૌથી મોટું સહકારી સંગઠન છે.

આમ સહકારી ખેતી આજના યુગ માટે અત્યંત આવશ્યક છે. જેથી આવનારા સમયમાં જો આપણે ખેતી ઉદ્યોગનો વધુ વિકાસ કરવા માંગતા હોઈએ તો સહકારી ખેતી અથવા સામૂહિક ખેતીનો વિકાસ કરવો જોઈએ. હજુ ગુજરાતમાં સહકારી ખેતીનો જોઈએ તેવો વિકાસ થયો નથી. આ પ્રવૃત્તિનો વિકાસ કરવા માટે આપણે જાગૃત થવાની જરૂર છે. આમ ઘણા બધા પડકારો હોવા છતાં, સહકારી ખેતી નાના અને સીમાંત ખેડૂતો માટે એક આશાનું કિરણ બની શકે છે. જો સરકાર દ્વારા યોગ્ય નીતિઓ, આર્થિક સહાય અને ચોક્કસ માળખું પૂરું પાડવામાં આવે, ખેડૂતો માટે વિશ્વાસનું એક નવીન વાતાવરણ ઊભું કરી શકાય તેમ છે. અને ગુજરાતમાં પણ સહકારી ખેતીનો વ્યાપક વિકાસ શક્ય બનાવી શકાય તેમ છે.

## જીવન સૌરભ

જીવ તું શિવ છે,
મળે જો સૌરભ પ્રભુની તું શુદ્ધ છે.
તું બની રહે અક્ષત,
ગુણ તારામાં ખુદ તું જ બુદ્ધ છે.
ઉમદા વિચારો સત્ય જીવનમાં,
સૌરભમાં પ્રબુદ્ધ છે.
સદવિચારોના શીતળ મનમાં,
તારું દિવ્ય બુદ્ધત્વ છે.
પરમાત્મામાં સંપૂર્ણ નિષ્ઠાની સૌરભ,
અધ્યાત્મ છે.
વાણીમાં હો મધુરતાને નમ્રતા,
વ્યવહારમાં શુદ્ધ છે.
દિલમાં હોય કરુણા, દયા,
તું સંસ્કારમાં શુદ્ધ છે.
પરિવર્તનમાં હોય દ્રઢતા,
વિદેહીમાં તું અંર્તમુખ છે.
આહારમાં સાત્વિકતા,
વ્યક્તિત્વમાં રમણિકતા ને,
આત્મ અભિમાની બનવામાં હોય
જો ખુમારી તો,
વિકારો પર વિજય મેળવવા તું,
સંકલ્પબદ્ધ છે.
ભીતર કલ્પવૃક્ષની જડ હોય તો તું,
સદવિચારી છે.
સમતાના ગુણમાં,
શ્રેષ્ઠ ધારણાઓની શક્તિ છે.
હોય જીવનમાં સૌરભ તો,
તારી જીવન મુક્તિ છે.
ભીતર ઉતરીને જો,
તું કોણ છે? મળશે તને ઉત્તર,
આતમ ઢંઢોળી જોઈ લે, તું શુદ્ધ છે.

– રમેશ પટેલ.(રામજીયાણી.)

## હે માતા શારદા

હે વિદ્યાદાયીની, વિશિષ્ટ વિદ્યાનું વરદાન આપો,
સર્વનો- ઉદ્ધાર થાયે એવું મુજ અંતરમાં જ્ઞાન આપો.

''સ્વનું'' જ્ઞાન કરાવે તે જ છે સાચી સુંદર વિદ્યા,
''સ્વને'' ઓળખી શકું એવું નિરંતર જ્ઞાન આપો.

''વેંચવા માટે નહીં જ'' ''કિંતુ વહેંચવા કાજે છે વિદ્યા,''
''હરદમ વહેંચતો રહું'' એવું મુજને આપ દાન આપો.

પામરને પણ પરમેશ્વર બનાવે એવી છે તાકાત,
હે શારદા, આપનું વરદાન ચમકાવું એવી શાન આપો.

ઉપાસના આપની જીવનને સુંદર રસયુક્ત બનાવે,
ઉજ્જવળ બનાવું અન્યનું જીવન, મને એવું માન આપો.

શિક્ષણ જગતની યાત્રામાં સ્વ - જીવનનું કર્યું છે હવન,
''શિક્ષક'' તરીકેનું નામ સાર્થક કીધું,
તેથી જ્વલંત શાન આપો.

હે મૈયા, તવ કૃપાથી તો થાય છે શાસ્ત્રોનું જ્ઞાન,
''પંકજથી'' તવ આરાધના થતી રહે એવાં ગાન આપો.
( પંકજ જરીવાલા )

મનસુખભાઈ એચ.મકવાણા,
ઉપલેટા, જિ - રાજકોટ.

## ‘સહકાર’ પાક્ષિક અને ‘ગ્રામસ્વરાજ’ માસિકના જાહેરાતના દર

### તા. ૧-૧૦-૨૦૨૪ થી

| સહકાર પાક્ષિક | એકવાર | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧. આખું પાન | ૬,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૨. અડધું પાન | ૪,૦૦૦/– | ૨૦,૦૦૦/– | ૪૦,૦૦૦/– | ૯૦,૦૦૦/– |
| ૩. પા પાના | ૩,૦૦૦/– | ૧૫,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૫,૦૦૦/– |
| ૪. શુભેચ્છા | ૨,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧૮,૦૦૦/– | ૪૦,૦૦૦/– |

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૨૫/–

**‘સહકાર’ વિશેષાંક : ૨૦૨૫ થી**

| | | |
|---|---|---|
| ૧. | ટાઈટલ પાન – ૪ | ૪૦,૦૦૦/– |
| ૨. | ટાઈટલ પાન – ૨ / ૩ | ૨૫,૦૦૦/– |
| ૩. | આર્ટ પેપર ફોર કલર | ૧૫,૦૦૦/– |
| ૪. | અંદરનું આખું પાન | ૭,૫૦૦/– |
| ૫. | અંદરનું અડધું પાન | ૫,૦૦૦/– |
| ૬. | અંદરનું પા પાન | ૩,૦૦૦/– |

## જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૧૦,૦૦૦/-

| ‘ગ્રામસ્વરાજ’ માસિક | એકવાર | વાર્ષિક |
|---|---|---|
| ૧. ટાઈટલ પાન – ૪ | ૫,૦૦૦/– | ૫૦,૦૦૦/– |
| ૨. ટાઈટલ પાન – ૨ / ૩ | ૪,૦૦૦/– | ૪૦,૦૦૦/– |
| ૩. અંદરનું આખું પાન | ૩,૦૦૦/– | ૩૦,૦૦૦/– |
| ૪. અંદરનું અડધું પાન | ૨,૦૦૦/– | ૨૦,૦૦૦/– |
| ૫. પા પાન | ૧,૦૦૦/– | ૧૦,૦૦૦/– |
| ૬. શુભેચ્છા | ૫૦૦/– | ૫,૦૦૦/– |

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-10-2025)

# દીપાવલી - દિલનો દીપોત્સવ અને આનંદનો અભિષેક

**ધનતેરસથી ભાઈબીજ સુધીના તમામ દિવસોનો અનોખો મહિમા :** પરંપરા સાથે આધ્યાત્મિકતાનો સમન્વય દીપાવલીનો તહેવાર અનાદિકાળથી દેશભરમાં ધામધૂમથી ઊજવવામાં આવે છે. દિવાળી માત્ર ભારતમાં જ નહીં પણ વિશ્વના ઘણા દેશોમાં આનંદ-ઉત્સાહથી ઊજવવામાં આવે છે. દિવાળી એટલે દિલનો દીપોત્સવ. આપણા તહેવારો એક દંતકથાથી વિશેષ ઐતિહાસિક ઘટનાને લક્ષ્યમાં રાખી ધાર્મિક અને આધ્યાત્મિક ભાવનાઓ સાથે ઉજવવામાં આવે છે. ધનતેરસથી ભાઈબીજ સુધી ચાલતા આ પાંચ દિવસના પર્વનો મહિમા ઘણો જૂનો છે.

**દિવાળી :** દિવાળી એ હિન્દુ તિથિ પ્રમાણે વર્ષનો છેલ્લો દિવસ. પુરાણોમાં આ પવિત્ર દિવસનું મહત્ત્વ જુદી જુદી રીતે દર્શાવવામાં આવ્યું છે.  રામાયણમાં સંકળાયેલી કથાઓ અનુસાર ત્રેતાયુગમાં કારતક મહિનાની અમાસના દિવસે ભગવાન શ્રીરામ માતા સીતા અને લક્ષ્મણ ૧૪ વર્ષના વનવાસ બાદ અયોધ્યામાં પરત ફર્યાના પ્રસંગે ઘરે ઘરે દીપમાળા પ્રગટાવીને ભગવાન શ્રીરામનું હર્ષોલ્લાસ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. અસત પર સતના વિજયને પ્રદર્શિત કરતો આ તહેવાર, અંતરના અંધકારને ઉલેચવાનો દિવસ એટલે દિવાળી.

**દિવાળીનું આધ્યાત્મિક મહાત્મ્ય:** હિન્દુ સમાજની વિચારધારા સનાતન ધર્મને આધીન છે. હિન્દુઓના બધા તહેવારો ધાર્મિક ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. સમાજમાં સંયુક્ત કુટુંબમાં સંવાદિતા જાળવવી અને પરસ્પરનાં સંબંધોમાં આંતરિક કડવાશ, ઈર્ષ્યા જેવા નકારાત્મક ભાવને સદભાવમાં રૂપાંતરિત કરવામાં તહેવારોની ઉજવણી હકારાત્મક અભિગમનો દીપ પ્રગટાવે છે. દિવાળી એટલે ઘરની ચોખ્ખાઈ ઉપરાંત શારીરિક અને માનસિક સ્વચ્છતા પણ મહત્ત્વની છે.

દિવાળીના પ્રસંગની ઉજવણી દ્વારા ભગવાનને અન્નકૂટ દ્વારા સુંદર, સ્વાદિષ્ટ ખાદ્ય સામગ્રીનો ભોગ પ્રથમ ધરાવવામાં આવે છે. ત્યાર બાદ એ સામગ્રી આપણે આરોગીએ છીએ. દિવાળી એટલે દાન અને સમર્પણનો મહિમા છે. બીજાને સુખ અને આનંદ આપીને આપણે આનંદ લેવાનો છે, જે સહજ આનંદ અને સુખની અનુભૂતિ આપે છે. દીપાવલીના દીવડા અંતઃકરણમાં જ્ઞાન અને સત્ત્વગુણનો પ્રકાશ પાથરવાનું પ્રતીક છે. દિવાળીનો ઉત્સવ આપણને સમાજમાં સંપ અને સહિષ્ણુતા સાથે પરોપકારની ભાવનાથી જિંદગી જીવવાની દિશા બતાવે છે. દિવાળીનો ઉત્સવ એટલે અસતો મા સદ્ગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યુ ર્મા અમૃતમ્ ગમય. ૐતત્સત્

આદિકાળથી હિન્દુ ધર્મની પ્રથા અનુસાર વેપાર-ધંધામાં પણ ધાર્મિક આસ્થા અને નીતિમત્તા સાથે નાણાકીય વ્યવહાર કરવા અને આ વ્યવહારોનું વાર્ષિક સરવૈયું તથા હિન્દુ વિક્રમ સંવત પ્રમાણે હિસાબ-કિતાબના ચોપડા રાખવાની પ્રથા છે. દિવાળીના દિવસે વેપારીઓ નવા વર્ષના નાણાકીય વ્યવહારો માટે નવા ચોપડા ખરીદે છે, જેની શાસ્ત્રોક્ત વિધિથી પૂજા કરવામાં આવે છે. કમ્પ્યુટર આવ્યા બાદ હજુ પણ દિવાળીના રોજ પ્રતીકરૂપે પણ ચોપડાપૂજનની પ્રથા ચાલુ છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza, B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat